**સુવિચાર**

''માણસ પોતાનાં દુઃખ કરતાં બીજાનાં સુખથી વધું દુઃખી છે.''

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૧/૦૮/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
બટેકા ટોમેટો આલુસેવ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ વદ-૧૩ વર્ષ : ૧૬ અંક : ૨૧૨


## અમરેલી, બાબરા, લાઠી, બગસરા, લીલીયા, રાજુલા, જાફરાબાદ, સાવરકુંડલા પંથકમાં દે ધનાધન

# અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારોમાં વ્યાપક વરસાદ

છેલ્લા ૪ દિવસથી શરૂ થયેલ મેઘ સવારીએ મોટાભાગનાં ચેકડેમ, તળાવો અને જળાશય કર્યા છલોછલ

વડિયાનો સાકરોળી જળાશય ઓવરફ્લો થતાં નયનરમ્ય દ્રશ્યો સર્જાયા

બગસરામાં સતત બીજા દિવસે પોણા બે ઈંચ જેટલો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી

લાઠીની ગાગડીયા નદીમાં સૌપ્રથમ વખત ભરપુર પાણી આવ્યું : ગ્રામ્ય વિસ્તારમાં પણ દે ધનાધન



અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે ગઈકાલ સાંજથી વરસાદ શરૂ થયો છે. આજે સતત બીજા દિવસે વરસાદ શરૂ રહેવા પામેલ છે. જેનેલઈ સવારથી પોણા એક ઈંચથી લઈ સવા ચાર ઈંચ વરસાદ પડી ગયો છે.

અમરેલીમાં આજ સવારથી જ મેઘાએ મંડાણ કર્યા કર્યા છે. અમરેલીમાં સવારથી વરસતા વરસાદ દોઢ ઈંચ વરસાદના કારણે શહેરના માર્ગો નદી બની ગયા હતા. જયારે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા એક તરફ અમરેલીના મોટા મુખ્ય માર્ગો ઉપર ખોદકામ થયું છે જેને લઈ શહેરીજનો ભારે મુશ્કેલીમાં હતા. ત્યાં આજે વરસાદે લોકો માટે મુશ્કેલી પણ ઉભી કરી છે.

જિલ્લાના દરિયા કાંઠાના જાફરાબાદ શહેર સહિત કોસ્ટલ બેલ્ટ ગામડાઓમાં ગઈકાલ રાત્રિના ધોધમાર વરસાદ પડયો હતો. જેને લઈ ગ્રામીણ ગામડાઓની બજારોમાં નદીઓ વહેતી

અનુસંધાન પાના ૬ ઉપર

## કુદરતી આફત સામે સાગરખેડૂઓ લાચાર બન્યા

# જાફરાબાદ પંથકની 3 બોટની જળસમાધિ વચ્ચે ૧૧ ખલાસીઓ મધદરિયે લાપતા થયા

## યુધ્ધનાં ધોરણે કોસ્ટગાર્ડ દ્વારા હેલિકોપ્ટરથી શોધખોળ શરૂ



જાફરાબાદ, તા. ૨૦

જાફરાબાદ માચ્છીમારીની નવી સિઝન ના પ્રારંભે જ દરિયો ખેડવા નિકળેલા સાગરખેડૂ મધદરિયે પહોંચ્યા અને કુદરતી વાતાવરણ ગંભીર બનતા

અનુસંધાન પાના ૬ ઉપર

## મોડી રાત્રિનાં બનાવ બનતા દોડધામ

# સાવરકુંડલા-અમરેલી માર્ગ ઉપર ઓળીયા ગામ નજીક બે બાઈક ધડાકાભેર અથડાયા

## અકસ્માતમાં એક પોલીસકર્મી સહિત ૨ ઈજાગ્રસ્ત



સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા તાલુકાના ઓળીયા ગામ નજીક ગુરૂ પ્રસાદ હોટલ પાસે આજે સવારે દુર્ઘટના સર્જાઈ હતી. બે બાઈક વચ્ચે અથડામણ થતા અકસ્માતમાં એક પોલીસકર્મી સહિત બંને બાઈક ચાલકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. અચાનક બાઈક વચ્ચે ટક્કર થતાં બંને રસ્તા પર ફંગોળાઈ પડયા હતા.

દુર્ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક

અનુસંધાન પાના ૬ ઉપર

## જાગૃત નાગરિક ભાસ્કરભાઈ પટેલની રજુઆત

# લીલીયા મોટા-અમરેલી માર્ગ ઉપર આવેલ સ્પીડ બ્રેકર ઉપર સફેદપટ્ટા લગાવો

## માર્ગ-મકાન વિભાગ યોગ્ય કરે તે જરૂરી

લીલીયા, તા. ૨૦

લીલીયા-અમરેલી રોડ ઉપર જયાં જયાં બમ્પ આવેલા છે તેની ઉપર સફેદ કલરના પટ્ટા ઘસાઈ ગયા છે દુરથી આવતા વાહનચાલકને બમ્પ દેખાતા નથી જેથી સફેદ કલરના પટ્ટા મારવાની ખાસ જરૂરિયાત છે. જેથી વાહનચાલક બમ્પ જોઈ શકે અને પોતાનું વાહન ધીમુ પાડી શકે.

બમ્પ દેખાતા ન હોવાથી નાના-મોટા અકસ્માત થવાનો ભય રહે છે. અને આવા અકસ્માતોથી બચી શકાય.

આર એન્ડ બી. ડિપાર્ટમેન્ટ આ બાબતે સત્વરે યોગ્ય કાર્યવાહી કરે તેવી લોક માંગણી ઉભી છે. તેવુ લીલીયા તાલુકા ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવે છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
89,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૦/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



**જાહેર હરરાજી**

આંબરડી (તા.સા.કુંડલા) ગામે માલાણી પરિવારના કુળદેવી શ્રી ખોડીયાર માતાજીનો મઢ આવેલ છે.

જેમાં ૨ (બે) રૂમ સ્લેબવાળા તથા ૨ (બે) રૂમ લાકડાના પિઢીયાવાળા કુલ ૪ (ચાર) રૂમ ઉપરોકત ૪ (ચાર) રૂમને તોડીપાડી આજુબાજુ ની મિલકતને નુકશાન ન થાય તે રીતે તેમાથી નીકળતું લાકડું, લોખંડ, બારી, દરવાજા તથા સંપુર્ણ મલબો ઉપાડી ગ્રાઉન્ડ કલીયર કરી આપવાનું રહેશે.

જેમની અપસેટ પ્રાઈઝ રૂા. ૧૧,૦૦૦/- રહેશે

નોંધ : હરરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટ પેટે રૂા.પ,૦૦૦/- (પાંચ હજાર પુરા) ભરવાના રહેશે.

તો આ જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા વ્યકિતઓએ તા.૨૮/૦૮/૨૦૨૫ ને ગુરૂવારનાં રોજ બપોરનાં ૪:૦૦ કલાકે નીચેનાં સ્થળે રૂબરૂ ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે.

સ્થળ : માલાણી પરિવારની વાડી મુ.આંબરડી, તા.સા.કુંડલા, જિ. અમરેલી.

લી. માલાણી પરિવાર વતી બાબુભાઈ ગોવિંદભાઈ માલાણી મો.૯૪૨૬૨ ૩૯૫૧૪

### માચ્છીમાર સમાજમાં ચિંતાનો માહોલ

# જાફરાબાદ : દરિયો ગાંડોતુર બનતાં 3 બોટના ૧૬ ખલાસીઓનો બચાવ

## ૧૧ ખલાસીઓ લાપતાં થતાં શોધખોળ શરૂ



અમરેલી, તા.૬

જાફરાબાદ દરિયામાં ગાંડોતુર માહોલ સર્જાતા દરિયાઈ દુર્ઘટનામાં ત્રણ બોટો ડૂબી જવાનાં બનાવે હાહાકાર મચ્યો છે. જાફરાબાદની જય તાત્કાલિક અને દેવકીનંદન બોટો તથા ઉનાનાં રાજપરા ગામની મુરલીધર બોટ દરિયામાં ડૂબી ગઈ હતી. અચાનક દરિયો ઉફાન પર આવતા આ દુર્ઘટના સર્જાઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

ત્રણેય બોટમાં કુલ મળી ૨૭ જેટલા ખલાસીઓ સવાર હતા. જેમાંથી ૧૬ ખલાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. પરંતુ હજુ પણ ૧૧ ખલાસીઓ દરિયામાં લાપતા હોવાનું બહાર આવ્યું છે. બચાવાયેલા ખલાસીઓને તાત્કાલિક જાફરાબાદ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. મોડી રાત્રે અમરેલીનાં ધારાસભ્ય હીરા સોલંકી પોતે હોસ્પિટલ પહોંચીને ૪ જેટલા ખલાસીઓની મુલાકાત લીધી હતી અને વહીવટી તંત્રને તાત્કાલિક રાહત – બચાવ કામગીરી તેજ કરવાની સૂચના આપી હતી.

સ્થાનિક ધારાસભ્ય જણાવ્યું કે, આ દુર્ઘટનાની જાણ થતાં જ રાજય સરકાર સતત ચિંતિત છે. અને સમગ્ર તંત્ર બચાવ કામગીરીમાં જોડાયું છે. અમરેલીનું વહીવટી તંત્ર જાફરાબાદ ખાતે પહોંચી રહયું છે. તેમણે આશ્વાસન આપ્યું કે લાપતા ખલાસીઓને શોધવા માટે દરિયાઈ બચાવ દળ સહિત તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ ઘટના બાદ માછીમાર સમાજમાં ભારે ચિંતાની લાગણી વ્યાપી છે. દરિયો ગાંડોતુર બનતા માછીમારોમાં ભયનો માહોલ છે. અને માછીમારોનાં પરિવારજનો બોટમાં સવાર લાપતા સગાઓ માટે વ્યાકુળતા અનુભવી રહયા છે. હાલ દરિયામાં તોફાની પવન અને ઉંચી મોજાઓ હોવાને કારણે બચાવ કામગીરી મુશ્કેલ બની રહી છે. છતાં તંત્ર સતત પ્રયાસરત છે.

જાફરાબાદના કિનારે લોકો મોટી સંખ્યામાં ભેગા થયા છે. અને સરકાર પાસે લાપતા ખલાસીઓને સલામત પરત લાવવાની માંગ ઉઠી રહી છે.

# રાજુલા પંથકમાં અનરાધાર મેઘસવારી, ધાતરવડી ડેમ–૨ ના ૧૦ દરવાજા ખોલાયા



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૨૦

રાજુલા પંથકમાં છેલ્લા કેટલાક કલાકોથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. રાજુલા શહેર સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ જવાથી જનજીવન ખોરવાઈ ગયું છે. માત્ર બે કલાકમાં બે ઈંચ વરસાદ પડતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

ભારે વરસાદને પગલે વિસ્તારના જીવાદોરી સમાન ગણાતા ધાતરવડી ડેમ–૨માં નવા નીરની આવક વધવા લાગી છે. ઉપરવાસમાં પણ ભારે વરસાદ ચાલુ હોવાથી ડેમમાં સતત પાણીનું પ્રમાણ વધી રહ્યું છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્રએ સાવચેતીના ભાગરૂપે ડેમના ૧૦ દરવાજા ૦.૧૦ મીટર જેટલા ખોલી દીધા છે. જેના કારણે મોટા પ્રમાણમાં પાણી ધોરણે બહાર છોડવામાં આવી રહ્યું છે.

ડેમમાંથી પાણી છોડાતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શકયતા ઉભી થઈ છે. તંત્ર દ્વારા તરતજ આસપાસના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. અને લોકોને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. ખાસ કરીને નદીકાંઠાના ગામોને સાવચેત રહેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

રાજુલા પંથકમાં સતત વરસી રહેલા વરસાદથી ખેતીને જીવનદાન મળ્યું છે, પરંતુ સાથે જ ડેમમાંથી પાણી છોડાતા ગ્રામ્ય વિસ્તારોમાં પાણી ભરાવાની ચિંતા પણ વધી રહી છે. વરસાદની આવક યથાવત રહે તો ડેમના દરવાજા વધુ ખોલવાની શકયતા પણ તંત્રએ દર્શાવી છે.

### જળાશયનુ લેવલ ૧૨૪.૫૦ મીટર જોવા મળી રહ્યુ છે

# અમરેલી પાદરમાં આવેલ ઠેબી જળાશય ઓવરફ્લો : દરવાજા ખોલવા પડે તેવી સ્થિતિ

## નીચાણવાળા ગામનાં નાગરિકોને સાવચેત રહેવા સુચના

અમરેલી, તા. ૨૦

અમરેલી નજીક આવેલ ઠેબી નદી પર બનાવાયેલા ઠેબી સિંચાઈ યોજના આજે ડિઝાઈન સ્ટોરેજના પૂર્ણ સપાટીએ ભરાતા રૂલ લેવલ જાળવવા માટે ગમે તે સમયે આ ડેમના દરવાજા ખોલવામાં આવશે. તેથી નીચાણવાળા વિસ્તારના ગામના નાગરિકોને નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં અવર–જવર ન કરવા તેમજ સાવચેત રહેવા સૂચના આપવામાં આવેલ છે.

આ ડેમ ઓવરફલોથી અમરેલી, પ્રતાપપરા, ફતેપુર અને ચાંપાથળ ગામને અસર થવાની સંભાવના છે. અને આ જળાશયનું હાલનું લેવલ ૧૨૪.૫૦ મીટર છે અને હાલમાં પાણીની આવક ૬૯૭ કયુસેક છે. તેમ અમરેલી ફલડ સેલ દ્વારા ઠેબી સિંચાઈ યોજનાના દરવાજા ખોલતા પહેલાંનાં મેસેજમાં જાહેર કરવામાં આવ્યું છે.

### માર્ગો, પીવાનું પાણી, ગટર સહિતની સાર્વજનિક સુવિધાઓમાં થશે વધારો

# અરે વાહ : બાબરામાં રૂપિયા ૪.૪ કરોડનાં ખર્ચે કરાશે વિકાસ કાર્યો : ધારાસભ્ય જનક તળાવીયાએ મેળવી મંજુરી

## પાલિકા પ્રમુખ પ્રવિણ કરકર સહિતના હોદ્દેદારો દ્વારા આવકાર









બાબરા, તા.૨૦

લાઠી – બાબરાના ધારાસભ્ય જનક તળાવિયાની રાજય સરકારમાં રજૂઆતો બાદ બાબરા શહેરના વિવિધ વિકાસ કાર્યો માટે રૂપિયા ૪.૪ કરોડની રકમ સૈદ્ધાંતિક રીતે મંજૂર કરવામાં આવી છે. આ મંજૂરી મળતાં શહેરીજનોમાં આનંદની લાગણી છવાઈ છે.

આ ભંડોળનો ઉપયોગ–૨ ના જરૂરી માળખાકીય સુવિધાઓના નિર્માણ અને નવીનીકરણ માટે કરવામાં આવશે. જેનાથી નાગરિકોને વધુ સારી સગવડો મળી રહેશે. આ વિકાસ કાર્યોમાં રસ્તાઓ, પાણી, પુરવઠા, ગટર વ્યવસ્થા, અને અન્ય સાર્વજનિક સુવિધાઓનો સમાવેશ છે.

ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આ વિકાસ કાર્યોથી બાબરા શહેરની કાયાપલટ થશે અને લોકોને અનેક લાભો મળશે. આ મંજૂરી મળ્યા બાદ ટૂંક સમયમાં જ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને વિકાસ કાર્યોનો પ્રારંભ કરવામાં આવશે.

નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી કારોબારી સમિતીના ચેરમેન અશ્વિનભાઈ મકવાણા સહિતના અગ્રણીઓ દ્વારા ધારાસભ્યનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# લાયન્સ મેઈન દ્વારા સ્વાતંત્ર દિનની ઉજવણી કરાઈ



અમરેલી, તા. ૨૦

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા રોકડીયા પરા સ્કુલ ખાતે ૭૯માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવમાં આવી હતી. પ્રમુખ બકુલ ભટ્ટ દ્વારા ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ તકે લાયન્સ સદસ્યો દ્વારા તેમજ સ્કુલના સ્ટાફ અને બાળકો દ્વારા ધ્વજને સલામી અપાય હતી. ભારતમાતાને વંદન પ્રાર્થના કરાઈ હતી. પુજન થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમો બાળકો દ્વારા થયા હતા. પ્રવચનો થયા હતા. બાળકોને નાસ્તો અપાયો હતો. તેમજ જન્માષ્ટમીના પર્વ નિમિત્તે શહેરમાં નીકળેલ શોભાયાત્રામાં રાજકમલ ચોક ખાતે અમરેલી શહેરના ધાર્મિક નગરજનોને શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથોસાથ શીતલ આઈસ્ક્રીમ જી.આઈ.ડી.સી. ખાતે કલબ સાથે બ્લડ ડોનેશનનું આયોજન થયેલ. જેમાં બ્લડ ડોનેશનની બોટલો એકત્રીત કરવામાં આવેલ આ કાર્યક્રમોમાં કાંતિભાઈ વઘાસીયા, દિનેશભાઈ ભુવા, રજનીકાંતભાઈ ધોરાજીયા, રાજુભાઈ પરિખ, જતીન કોટડીયા, દલસુખભાઈ રામોલીયા, ગોરધન માદલીયા, જયસુખ ઢોલરીયા, પ્રકાશભાઈ સેંજલીયા, મેહુલભાઈ બાબરીયા, નનુભાઈ તળાવીયા, હાર્દિક રામાણી, દિનેશ હિરપરા, ઉમેશ કાનાણી, રાજેશ વિઠલાણી, જીતુભાઈ સોંડાગર, હરેશ ધોરાજીયા વિજય રાદડીયા તથા અન્ય લાયન્સ કલબ સદસ્યો હાજર રહ્યા હતા. તેમ કલબની યાદીમાં જણાવાયુ છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાને રજુઆત

# અમરેલી પાલિકામાં લગ્ન નોંધણીમાં અવનવા નિયમો દર્શાવાતા હોવાનો આક્ષેપ

## ચીફ ઓફિસરની કાર્યશૈલી સામે નારાજગી

અમરેલી, તા. ૨૦

અમરેલી નગરપાલીકાના ચીફ ઓફીસર લગ્ન નોંધણી કરનાર અરજદારો, વકીલો સ્ટેમ્પ વેન્ડરો પાસેથી કંકોત્રી હોવા છતા ફરજીયાત નોટરી સોગંદનામ રજુ રાખવાનું કહે છે જેથી અરજદારને આવા રહેલા છે તેમજ આવા કોઈ નિયમો ગુજરાતની અન્ય કોઈ પણ નગરપાલીકા કે મહાનગરપાલીકામાં નોટરી તથા સાગંદનામા અને ખરી નકલ કરવા માટે ૧.૧૫૦૦ થી ૨૦૦૦ વિના કારણે ખર્ચ થઈ રાખવામાં આવેલા નથી માત્ર આવા પોતાની મેળે બનાવેલા નિયમો અમરેલી નગરપાલીકાના ચીફ ઓફીસર એક જ પાતાની મરજી મુજબ અરજદારોને હેરાન કરી રહેલા છે તેમજ જો કોઈ અરજદાર કે વકીલને ફોન કરે તો નંબર બ્લોક કરી નાંખે છે તથા ચીફ ઓફીસર જયારે રૂબરૂ નગર પાલીકામાં હાજર હોય અને મળવા જાય તો પોતાના મોબાઈલમાં ગેઈમ રમવામાં વ્યસ્ત હોય છે જેથી અમરેલી નગરપાલીકાના ચીફ ઓફીસરને યોગ્ય સુચના આપવામાં આવે તથા હવેથી અરજદારો, વકીલો, સ્ટેમ્પ વેન્ડરોને હેરાન કરવામાં ન આવે તથા ગુજરાત સરકારના ''ધજરાત લગ્ન'' નોંધણી અધિનિયમ–૨૦૦૬ મુજબ જ પુરાવાઓ માંગી લગ્નોની નોંધણી કરી આપવા આગળ કાર્યવાહી કરે તેવી પણ સુચના ગૌરાંગભાઈ રાજયગુરૂએ નાયબ દંડક કૌશિક વેકરિયાને પાઠવેલ પત્રમાં જણાવેલ છે.

### માચ્છીમારી બોટ વૈદ્યનાથના આઠ ખલાસીઓનું રેસ્ક્યૂ

# દહાણુ (દાણુ)થી ૧૨ નોટિકલ માઈલ દરિયામાં બોટને એન્કર કરવામાં આવી

## કેસરીનંદન અને અંજનિનંદન બોટનાં ખલાસી સલામત

અમરેલી, તા.૨૦

જાફરાબાદના રહીશ માછીમાર બોટ માલિક શંકરભાઈ દેવાભાઈ સોલંકીની માલિકીની માછીમારી બોટ વૈદ્યનાથએ જાફરાબાદ બંદર ખાતેથી માછીમારી માટે માછીમારી ટોકન મેળવી તા. ૧૭/૮/૨૦૨૫ના રોજ ૮ (આઠ) ખલાસીઓ સાથે દરિયામાં ગયા હતા.

આજરોજ સવારે આઠ વાગ્યે તે એક માછીમારી બોટમાં પાણી ભરાય જતાં મધદરિયે મહારાષ્ટ્રના દહાણુ (દાણુ)થી ૧૨ નોટિકલ માઈલ દરિયામાં ડૂબવાની ઘટના બની હતી. આ માછીમારી બોટ સાથે હતી તે કેશરીનંદન તથા અંજનિનંદન નામની માછીમાર બોટમાં રહેલા માછીમારોએ આ તમામ ૮ ખલાસીઓનું રેસ્કયૂ કર્યુ હતું. દહાણુ (દાણુ)થી ૧૨ નોટિકલ માઈલ દરિયામાં આ બોટને એન્કર કરવામાં આવી છે.

બોટમાં હતા તેવા ખલાસી સર્વ (૧) શ્રી રાજેશભાઈ મનુભાઈ બારૈયા, (૨) કલ્પેશભાઈ શંકરભાઈ બારૈયા, (૩) સુમિતભાઈ ધીરૂભાઈ સોલંકી, (૪) વિજયભાઈ મનુભાઈ બારૈયા, (૫) નિલેશભાઈ નાનુભાઈ સોલંકી, (૬) જગદીશભાઈ હિરાભાઈ બારૈયા, (૭) દીતાભાઈ ગોલણભાઈ બાળધીયા તથા (૮) ભાવેશભાઈ દીતાભાઈ બાળધિયાને બચાવી લેવામાં આવ્યા અને આ તમામ ખલાસીઓને દહાણુ (દાણુ) બંદર ખાતે લઈ જવામાં આવી રહ્યા છે, તેમ જાફરાબાદ મત્સ્યોદ્યોગ કચેરીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# દરિયામાં ફસાયેલ માચ્છીમાર અને બોટ મહારાષ્ટ્રનાં દરિયા કિનારે લાંગરી શકાશે

## પાલઘર, થાણે, રાયગઢ, મુંબઈમાં આશ્રય મળી રહેશે

અમરેલી, તા.૨૦

હવામાન ખાતાના અહેવાલ મુજબ, તાજેતરમાં અરબી સમુદ્રમાં હવામાનની પ્રતિકૂળ પરિસ્થિતિ છે. અમરેલી જિલ્લાના જાફરાબાદ, શિયાળ બેટ, ચાંચબંદર, નવા બંદર, રાજપરા, સિમર–ખડાબંદર સહિતના બંદરો પરથી અને રાજયભરના દરિયાઈ વિસ્તારોમાંથી માછીમારો દરિયો ખેડવા માટે જાય છે.

દરિયામાં, વરસાદ અને ભારે પવન ફૂંકાવાની સ્થિતિને ધ્યાને લઈ માછીમારો મધદરિયે હોય કે મહારાષ્ટ્ર રાજયની દરિયાઈ સીમામાં હોય તો તે બોટ, જહાજ અને માછીમારોની સલામતી અર્થે કામચલાઉ રીતે આશ્રય મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગુજરાત રાજયના મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા મહારાષ્ટ્ર રાજયના મત્સ્યોદ્યોગ વિભાગને આ અંગે જાણ કરવામાં આવી હતી.

પ્રતિકૂળ હવામાનની સ્થિતિની બાબતને ધ્યાને લઈ ગુજરાત રાજયના માછીમારોને મહારાષ્ટ્રના પાલઘર, થાણે, મુંબઈ, ઉપનગર, મુંબઈ શહેર, રાયગઢ અને રત્નાગિરી સિંધુદુર્ગ સહિતના વિસ્તારોમાં આશ્રય મળી રહે તે માટે મહારાષ્ટ્ર રાજયના

# ગોપાલગ્રામ ખાતે શ્રાવણ માસમાં ધુન–સત્સંગ કરતા શિવભકતોનું સન્માન









ધારી તાલુકાના ગોપાલગ્રામ ગામે ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટ દ્વારા શિવ સાનિધ્યમાં શ્રાવણ મહીનાના છેલ્લાં સોમવારે 'મહાધુન' તેમજ પવિત્ર શ્રાવણ માસમાં વર્ષોથી ધુન–ભજન કરતાં 'શિવભકતોનું સન્માન' કરવામાં આવ્યું હતું. ધારી, બગસરા, ખાંભા, ચલાલા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય જે.વી. કાકડિયાનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં અમરેલી જીલ્લા વિશ્વહિન્દુ પરિષદનાં પૂર્વપ્રમુખ અને હાલનાં મહામંત્રી ઈતેશભાઈ મહેતા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. કાકડિયાએ આ વિશિષ્ટ કાર્યક્રમનાં આયોજકોને બિરદાવતા દરબાર ગોપાળદાસ દેસાઈનાં ઐતિહાસિક ગામમાં સૌ ગ્રામજનો સંપીને કોઈપણ કામ હાથ ધરે તો ઘણું કામ થઈ શકે એમ છે. તેઓએ પોતાની જયાં અને જયારે જરૂર હોય ત્યારે સાથે છે અને લોકપ્રતિનિધિ તરીકે આ મારી ફરજ છે. તેમ જણાવ્યું હતું. મહેતાએ સનાતન સંસ્કૃતિ વિશે વાત કરતાં હમીરસિંહ ગોહિલનાં શૌર્યસભર ઈતિહાસને યાદ કરી સંસ્કૃતિનું સંવર્ધન કરતાં ધુન ગાતાં ભાવિકોને ધન્યવાદ પાઠવ્યાં હતાં, તેમણે હિન્દુઓમા સમરસતા નિર્માણ થાય તેમજ વસુધૈવ કુટુમ્બકમની ભાવના વિકસે તે વિષય પર પ્રેરણાદાયક વકતવ્ય આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન ટ્રસ્ટી વિપુલ ભટ્ટીએ કર્યુ હતું. આભાર વિધિ મેરામભાઈ વાળાએ કરી હતી. અમરેલીનાં સુરીલા યુવા ગાયક વત્સ દિપકભાઈ મહેતા તેમજ ચલાલાનાં સૂરેશભાઈ તથા ભાવેશભાઈ નિમાવતે શિવ આરાધનાની ધુનથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં. આ કાર્યક્રમમાં સરપંચ પ્રતિનિધિ હરેશભાઈ વાળા, ઉપસરપંચ ગૌતમભાઈ વાળા, નીલકંઠ મહાદેવ મંદિર ટ્રસ્ટનાં પ્રમુખ મેરામભાઈ વાળા, લેઉવા પટેલ સમાજનાં પ્રમુખ ચુનીભાઈ વાડદોરિયા, ગ્રામ વિકાસ મંડળના મેનેજીંગ ટ્રસ્ટી રાજેશભાઈ ઠુમ્મર, નનકુભાઈ વાળા, ગોબરભાઈ ગજેરા, સતિષભાઈ ગજેરા, રાજુભાઈ જોષી, રાજુભાઈ પટેલ, પ્રતાપભાઈ સહિત બહોળી સંખ્યામાં ગામનાં ધર્મપ્રેમી ભાઈઓ–બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી નીલકંઠ મહાદેવ મંદિરના પૂજારી બાલગરબાપુ, અશ્વિનભાઈ ગજેરા, બાબુભાઈ સુતરિયા, પ્રવિણભાઈ વાઘેલા, કનુભાઈ ભિસરિયા, કિશોરભાઈ વાડદોરિયા, વસંતદાસ અગ્રાવત, પ્રભાતગીરી, કનુભારથી બાવજી, રામભાઈ સાવલિયા, વિસુભાઈ રામપ્રસાદી, જયસુખભાઈ ચોટલિયા, કાનજીભાઈ વાડદોરિયા, હસમુખ હરસોરા, નિકુંજ ગજેરા વગેરે ભાવિકોને સોમનાથ મહાદેવની તસવીર અને પિતાંબર ઓઢાડી આગેવાનોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ અનોખા કાર્યક્રમને સફળ બનાવવા ગોપાલગ્રામ દરબાર સ્મારક ટ્રસ્ટનાં પ્રમુખ શંભુભાઈ વાડદોરિયા, ટ્રસ્ટીઓ કિર્તીકુમાર ભટ્ટ, વિપુલ ભટ્ટી સાથે સંજય વાડદોરિયા, હનુભારથી, પ્રફુલ્લ અમરેલીયા, જનક, જય વાડદોરિયા, હર્ષ રામાણીએ જહેમત ઉઠાવી હતી

### સતત વરસાદી માહોલ વચ્ચે

# સાવરકુંડલામાં શરદી, ઉધરસ, તાવ, જેવાં રોગોનાં પ્રમાણમાં વધારો

## પાલિકા અને આરોગ્ય વિભાગ દવા છંટકાવ કરે

સાવરકુંડલા, તા. ૨૦

સાવરકુંડલા શહેરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી સતત વરસાદને કારણે ભેજવાળા વાતાવરણમાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધી જાય એ સ્વાભાવિક છે. વળી હમણા જ જન્માષ્ટમીના તહેવારો પૂર્ણ થયાં લોકો તહેવારોના ખાનપાન અને હરવા ફરવામાં સમય વ્યતીત કરવાનું વલણ હવે દિનપ્રતિદિન વધી રહ્યું છે. ત્યારે લોકોના જીવનની લાઈફ સ્ટાઈલમાં આવેલા આ બદલાવ તેમજ ચોમાસાની ઋતુને કારણે પણ લોકોના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર પડે એ સ્વાભાવિક હોય હાલ આ જન્માષ્ટમીના પર્વ બાદ લોકોમાં તાવ, શરદી, ઉધરસ, ઝાડા ઉલ્ટી જેવા રોગોમાં વધારો થવા પામ્યો છે.




દવાખાનામાં મોટાભાગના દર્દીઓ શરીર તૂટવું, વાયરલ તાવ, શરદી ઉધરસ જેવી બિમારીઓનો શિકાર બનતાં જોવા મળેલ છે. તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે ડીડીટી છંટકાવ ફોગીંગ જેવી કામગીરી સમગ્ર શહેરમાં હાથ ધરાય એવું આમજનતા ઈચ્છે છે. અને હા, સાવરકુંડલા શહેરમા મોટાભાગે પાણીના દાર દ્વારા જાહેર પાણી વિતરણ થતું હોય. આ વરસાદી વાતાવરણમાં પીવાનું પાણી ઉકાળીને પીવું સ્વાસ્થય માટે હિતાવહ છે. તંત્ર દ્વારા પણ પાણીનાં ટાંકામાં કલોરીનેશન પ્રક્રિયા હાથ ધરવી જોઈએ.

### ૨૦૦થી વધુ વ્યકિતઓએ જિલ્લાન કલેકટરને રકતરંજીત આવેદનપત્ર પાઠવ્યું

# ધારી પંથકમાં અનુસૂચિત જાતિ સમાજની સાંથણીની ફાળવેલી જમીનનાં હુકમની અમલવારી કરો

## ઘણા મહિનાઓથી વિવાદ છતાં તંત્ર કોઈ ઉકેલ લાવતુ નથી

અમરેલી, તા.૨૦

ધારી પંથકમાં અનુસૂચિત જાતિ સમાજની સાંથણીની ફાળવેલી જમીનનાં વર્ષ–૨૦૨૫ સુધીમાં થયેલ હુકમોની અમલવારી કરવા તેમજ માથાભારે તત્વોનાં કબ્જામાંથી જમીન સાંથણીદારોને પ્રત્યક્ષ કબ્જો સોંપી આપવા માંગ કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લા કલેકટરને ૨૩૦ થી વધુ વ્યકિતઓએ રકતરંજત આવેદનપત્ર સાથે રજુઆત કરી છે. આવેદનપત્રમાં જણાવેલ છે કે,અમોને સને. ૧૯૬૫ ના વર્ષથી સને.૨૦૨૫ સુધીમાં અનુસૂચિત જાતિને ફાળવેલ સાંથણીની જમીનોમાં સાંથણીના હુકમો થયેલા હોવા છતાં આજદિન સુધી આ જમીનમાં માથાભારે તત્વોના કબ્જામાં



રહેલા હોય અમુક સાંથણીદારોને જમીન ફાળવણી થયેલ છે. તે જમીનોમાં વાવેતર કરેલ છે. પણ તે જમીનોમાં પણ માથાભારે તત્વોએ કબ્જો કરીને બેઠા છે. હકીકતે તો સાંથણીમાં આપેલ જમીનમાં કબ્જો સોંપવામાં આવેલ ન હોવાથી સરકારશ્રી પણ દાખલ થયેલ છે.

### દરિયામાં મસમોટા મોજાઓ ઉછળે છે

# જાફરાબાદ બંદરે દરિયામાં કરંટ જોવા મળતા 3 નંબરનું સિગ્નલ

## માચ્છીમારોને દરિયો ન ખેડવા સુચના

અમરેલી, તા. ૨૦

દરિયામાં કરંટ જોવા મળતા જાફરાબાદ બંદરે ૩ નંબરનું સિગ્નલ દરિયો ગાંડોતૂર સમુદ્રમાં મસમોટા મોજાંઓ ઉછળી રહ્યા છે. જાફરાબાદ બંદરે લાગ્યું ૩ નંબરનું સિગ્નલ દરિયામાં મસમોટા મોજાં ઉછળી રહ્યા સુસવાટા મળતો પવન વરસાદી માહોલ વચ્ચે સમુદ્રમાં કરંટ જોવા મળતા ગુજરાત મેરી ટાઈમ બોર્ડ વડી કચેરી ગાંધીનગરની સુચના મુજબ જાફરાબાદ બંદરે ૩ નંબરનું સિગ્ન લગાવવામાં આવ્યુ ઠંડા પવનો ફૂંકાવાની સાથે ધોધમાર વરસાદ અને સમુદ્રમાં પણ કરંટ જોવા મળ્યો હતો.



સમુદ્રમાં કરંટ હોવાથી મસમોટા મોજાં ઉછળી રહ્યા હોય અને ભારે કરંટ હોવાથી બંદર ઉપર ૩ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. અને માછીમારો ને દરિયો ન ખેડવા ગંભીર સુચના આપવામાં આવી છે.

### વરસાદનાં વાવડ જાણવા માટે

# આંબરડીનાં યુવા ખેડૂતો મોબાઈલમાં વ્યસ્ત જોવા મળ્યા

## ભજીયા સાથે વિગતો મેળવી રહ્યા છે



તસ્વીર : સુભાષ સોલંકી–આંબરડી

આંબરડી, તા. ૨૦

અમરેલી જિલ્લામાં બે દિવસ રેડ એલર્ટનું જોર દેખાયું હતું તેમજ મોટા ભાગના પંથકોમાં કયાંક વતાં ઓછો વરસાદ ખાબકી રહ્યો છે. ત્યારે સાવરકુંડલાના આંબરડી ગામે વાળું, પાણી કરી રાત્રીના સમયે યુવાન ખેડૂતો બજારમાં છાપરા નીચે બેસી મોબાઈલમાં વરસાદના વાવડ જોતા વ્યસ્ત જોવા મળ્યા હતા. વાળું પાણીમાં નિરાંતે ભજીયા આરોગી ઠંડા પવનની લહેરખીઓ વચ્ચે મોબાઈલમાં સમય પસાર કરતા યુવાન ખેડૂતો જોવા મળ્યા હતા.

### વઘાસિયા પરિવારનાં સહયોગથી

# કોલડા ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી દ્વારા રાશન કિટનુ વિતરણ

## જન્માષ્ટમીનાં પર્વે કરાયુ સેવાકાર્ય



અમરેલી, તા. ૨૦

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનના માધ્યમથી કોલડા ખાતે રાશનકિટનુ વિતરણ થયું. વઘાસીયા પરિવારના સહયોગ દ્વારા જન્માષ્ટમીના પર્વ નિમિત્તે છેલ્લા ચાલીસ વર્ષથી કોલડા મુકામે લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનના માધ્યમથી તેલ અને ગોળના રાશનકિટનું વિતરણ પૂર્વ કેબીનેટમંત્રી બાવકુભાઈ ઉંધાડના અધ્યક્ષ સ્થાને થયેલ. આ કિટના દાતા છગનભાઈ તેમજ કાંતિભાઈ વઘાસીયા તથા મા.જી. સરપંચ ભરતભાઈ વઘાસીયા હતા. જન્માષ્ટમીના પર્વ જરૂરિયાતમંદ લોકોને આશરે બસોહ જેટલા કિટનું વિતરણ કરવામાં આવેલ. જે એક સેવાનું પ્રશંસનીય કાર્ય થયેલ. પ્રતિવર્ષ વઘાસિયા પરિવાર લાયન્સ કલબના માધ્યમથી આ સુંદર કાર્ય જન્માષ્ટમી પર્વ નિમિત્તે કરે છે. આ તકે કોલડાના અગ્રણીઓ ગોરધનભાઈ અકબરી, હસુભાઈ સોરઠીયા, મનુભાઈ કિકાણી, અવધેશ બાપુ, હસુભાઈ વઘાસીયા, સુરેશભાઈ ખુંટ તથા અન્ય ઉપસ્થિત રહેલ તેમજ પ્રમુખ બકુલ ભટ્ટ, રજનીકાંતભાઈ ધોરાજીયા, નનુભાઈ તળાવીયા, નિલેશભાઈ ઠુમ્મર, મેહુલભાઈ બાબરીયા હાજર રહી આ કાર્યક્રમ સફળ બનાવેલ તેમ રાજુભાઈ પરિખની યાદીમાં જણાવવામાં આવેલ છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પવિત્ર શ્રાવણ નિમિતે
ટોપરાપાક, શિંગપાક,
સ્પે. માવાના પેંડા, ફરાળી ગુલાબ જાંબુ
ફરાળી ચેવડો ■ બટેટા વેફર ■ કેળા વેફર
હાજરમાં મળશે
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
શિવ ફરસાણ (ધારીવાળા)
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
સેલ્સ & સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | રેન્ટલ સર્વિસ
પ્રોજેક્ટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫" ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઇક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઇક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઇક સીસ્ટમ ઈન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
શૈલેષ ગોંઢા 90 812 34 307
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

Shreeji HOSPITAL
ડો. કાજલ બગડા M.S.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
• હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી રાહતદરે ઓપરેશનની સુવિધા
• લાંબા સમયથી રુજાતા-ઘા, નાડીવ્રણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
• કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેક્શનનાં કારણે પરૂ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
• સ્તનની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com












### ભારતમાં ઉત્પાદન વધારી રહ્યું છે એપલ

# આઇફોન ૧૭નું ભારતમાં ઉત્પાદન શરૂ, ટ્રમ્પની ધમકીની કોઈ અસર નહીં

**અમેરિકામાં ફોન નહીં બનાવે તો તેમની પ્રોડક્ટ પર ટેરિફ લગાવવામાં આવશે, જોકે એ છતાં એપલે ભારતમાં ઉત્પાદન શરૂ કરી દીધું છે**

નવીદિલ્હી, તા.૨૦

એપલ દ્વારા આઈફોન ૧૭ના તમામ મોડલનું ભારતમાં ઉત્પાદન શરૂ થઈ ગયું છે. આ તમામ આઈફોનને ત્યાર બાદ અમેરિકામાં મોકલવામાં આવશે. ચીન અને અમેરિકાના ટેરિફ વોરને લઈને કંપનીને ખૂબ જ સમસ્યા ઊભી થઈ હતી. ત્યારે એપલ દ્વારા ભારતમાંથી આઈફોનને મોકલવામાં આવ્યા હતા. જોકે ત્યાર બાદ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા એપલને ધમકી આપવામાં આવી હતી કે તેઓ અમેરિકામાં ફોન નહીં બનાવે તો તેમની પ્રોડક્ટ પર ટેરિફ લગાવવામાં આવશે. જોકે એ છતાં એપલે ભારતમાં ઉત્પાદન શરૂ કરી દીધું છે.

એપલ દ્વારા આઈફોન ૧૭ સિરીઝમાં આઈફોન ૧૭, આઈફોન ૧૭ પ્રો, આઈફોન ૧૭ પ્રો મેક્સ અને નવું મોડલ આઈફોન ૧૭ એરનો સમાવેશ કર્યો હોવાની ચર્ચા છે. આ તમામ મોડલનું ભારતમાં ઉત્પાદન શરૂ કરાયું છે. એપલ દ્વારા ચીનમાં પણ ઉત્પાદન કરાઈ રહ્યું છે. જોકે એપલ હવે એક માત્ર ચીન પર નિર્ભર નથી રહેવા માગતું અને એથી તેઓ હવે અન્ય માર્કેટને પણ ધ્યાનમાં લઈ રહ્યા છે અને એથી ભારતને પસંદ કરવામાં આવ્યું છે. આ પહેલી વાર થયું છે કે લોન્ચ પહેલાં તમામ મોડલ હવે ભારતમાં બનાવવામાં આવી રહ્યા છે.આ વર્ષની શરૂઆતમાં જ એપલ દ્વારા અમેરિકા માટે જેટલા પણ મોબાઈલની જરૂર પડે છે એ તમામને ચીનની જગ્યાએ ભારતમાંથી મોકલ્યા હતા. અમેરિકા-ચીન વચ્ચેની ટ્રેડ વોરને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ત્યાર બાદ એપલ દ્વારા તેના મેન્યુફેક્ચરિંગ યુનિટમાં પણ વધારો કરવામાં આવ્યો છે. પહેલાં ત્રણ ફેક્ટરી હતી, પરંતુ થોડા સમય પહેલાં જ બીજી બે શરૂ કરવામાં આવી છે. આથી એપલ હવે પાંચ ફેક્ટરીમાં નવા આઈફોનનું ઉત્પાદન કરી રહ્યું છે.

એપલ હવે તેના ઉત્પાદનની ક્ષમતા વધારવા માટે પાર્ટનરશિપ પર પણ ધ્યાન આપી રહ્યું છે. ફોક્સકોનની ફેક્ટરી બેંગલોરમાં છે અને ટાટા ગ્રુપની ફેક્ટરી તમિલનાડુના હોસુરમાં આવેલી છે. ટાટા ગ્રૂપના પ્લાન્ટમાં જેટલા પણ આઈફોનનું ઉત્પાદન થાય છે એ તમામને ભારતમાં રાખવામાં આવશે. ભારતની જરૂરિયાતના અડધા આઈફોન આ ફેક્ટરીમાંથી એપલને મળી જશે. આથી એપલ તેની સપ્લાય ચેન માટે ભારતના મેન્યુફેક્ચરિંગ યુનિટ સાથે પાર્ટનરશિપ કરી રહી છે.

એપલે જ્યારથી ચીનથી આઈફોન એક્સપોર્ટ કરવાનું ઓછું કર્યું છે ત્યારથી ભારતમાં એક્સપોર્ટ વધી ગયું છે. ૨૦૨૪-૨૫માં આઈફોનના એક્સપોર્ટમાં ખૂબ જ વધારો થયો છે. આગામી થોડા વર્ષમાં એનાથી પણ વધુ વધારો થવાની આશા છે. એપ્રિલથી લઈને અત્યાર સુધીમાં ૭.૫ બિલિયન ડોલરના આઈફોન અત્યાર સુધીમાં ભારતમાંથી એક્સપોર્ટ થયા છે. ગયા વર્ષે નાણાકીય વર્ષમાં ટોટલ ૧૭ બિલિયન ડોલરના આઈફોન એક્સપોર્ટ થયા હતા. એની સામે ફક્ત ચાર મહિનામાં ૭.૫ બિલિયનના આઈફોન એ ખૂબ જ વધુ કહેવાય છે.એપલ દ્વારા અમેરિકામાં ૧૦૦ બિલિયન અમેરિકન ડોલરનો પ્લાન્ટ શરૂ કરવાની તૈયારી દેખાડવામાં આવી છે. ટ્રમ્પ દ્વારા આઈફોન પર ટેરિફ લગાડવાની વાત કરવામાં આવી હતી. આથી આગામી ચાર વર્ષમાં એપલ અમેરિકામાં પણ ઉત્પાદન શરૂ કરશે. આ નિર્ણય લેવાનું કારણ એ છે કે ભારતમાં બનતા આઈફોન પર અમેરિકા ટેરિફ ન લગાડે. જો એ લગાડવામાં આવે તો આઈફોનની કિંમત ખૂબ જ વધી જશે.

### કર્ણાટક સરકારનું ઐતિહાસિક પગલું

# કર્ણાટક સરકારનો SC અનામત અંગે મોટો નિર્ણય, અનુસૂચિત જાતિને 3 ભાગમાં વહેંચી

**કેબિનેટે આ રિપોર્ટ સ્વીકાર કરવાનો નિર્ણય લીધો છે, પરંતુ તેમાં કેટલાક ફેરફાર પણ કરવામાં આવ્યા છે**

કર્ણાટક, તા.૨૦

કર્ણાટક સરકારે અનુસૂચિત જાતિઓ (SC) માટે આંતરિક અનામત લાગુ કરવા માટે એક ઐતિહાસિક પગલું ભર્યું છે. આ નિર્ણય લાંબા સમયથી ચાલી રહેલી માંગણીઓને સંતોષવા માટે લેવામાં આવ્યો છે, ખાસ કરીને SC લેફ્ટ (મદિગા) અને SC રાઈટ (હોલેયા) સમુદાયોની માંગણીઓને ધ્યાનમાં રાખીને.

નવા ફોર્મ્યુલા મુજબ, ૧૭% અનામતમાંથી ૬% SC લેફ્ટ સમુદાય માટે, તેમજ ૬% SC રાઈટ સમુદાય માટે અને બાકીના ૫% લંબાણી, ભોવી, કોરચા, કોરમા જેવી અન્ય પેટા-જાતિઓ માટે નક્કી કરવામાં આવ્યા છે.સુપ્રીમ કોર્ટે અનુસૂચિત જાતિઓમાં આંતરિક અનામતને મંજૂરી આપ્યાના એક વર્ષ પછી આ નિર્ણય લેવાયો છે. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અંગેનો વટહુકમ ચોમાસુ સત્ર પછી બહાર પાડવામાં આવશે અને કઈ કેટેગરીને પ્રાધાન્યતા મળશે તે સ્પષ્ટ કરવામાં આવશે.

જોકે, દલિત અધિકાર અને સવર્ણ જાતિઓ સમક્ષ ઝૂકીને, રાજ્ય કેબિનેટે નિવૃત્ત ન્યાયાધીશ એચ.એન. નાગમોહન દાસના વડપણ હેઠળના એક-સભ્ય કમિશને કરેલી ભલામણોને રદ કરી દીધી છે. કમિશને સૌથી વધુ ગેરલાભમાં રહેલી વિચરતી જાતિઓ માટે ૧% અને આદિ કર્ણાટક, આદિ દ્રવિડ અને આદિ આંધ્ર માટે ૧% અનામતની ભલામણ કરી હતી. ૪ ઓગસ્ટે પોતાનો અહેવાલ સુપરત કરનાર આ કમિશને દલિત અધિકાર માટે ૫%, દલિત ડાબેરી માટે ૬% અને સવર્ણ જાતિઓ માટે ૪% અનામતની ભલામણ કરી હતી.

આ નિર્ણય સુપ્રીમ કોર્ટના ૧ ઓગસ્ટ, ૨૦૨૪ના ચુકાદા પછી શક્ય બન્યો છે, જેમાં રાજ્યોને અનુસૂચિત જાતિઓની અંદર પેટા-વર્ગીકરણ કરવાની સત્તા આપવામાં આવી હતી. કર્ણાટકમાં અનુસૂચિત જાતિઓની કુલ ૧૦૧ પેટા-જાતિઓ છે, જેમાં મદિગા (SC લેફ્ટ) અને હોલેયા મુખ્ય છે. મદિગા સમુદાય સામાજિક-આર્થિક રીતે પછાત છે અને હાલના અનામતનો લાભ મુખ્યત્વે સ્પૃશ્ય જાતિઓ અને હોલેયા સમુદાયને મળે છે.નાગમોહન દાસ આયોગે મે થી જુલાઈ ૨૦૨૫ દરમિયાન એક મોટો સર્વે કર્યો, જેમાં કર્ણાટકની અંદાજિત ૧.૧૬ કરોડ અનુસૂચિત જાતિની વસ્તીમાંથી ૯૩% લોકોને આવરી લેવામાં આવ્યા. આ સર્વેમાં ૨૭.૨૪ લાખ પરિવારોના ૧.૦૭ કરોડ લોકોના આંકડા ભેગા કરવામાં આવ્યા. આયોગે ૪ ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી સિદ્ધારામૈયાને પોતાનો ૧૭૬૬ પાનાનો રિપોર્ટ સોંપ્યો હતો, જેને ૭ ઓગસ્ટના રોજ મંત્રીમંડળ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. મંત્રીમંડળે આયોગનો રિપોર્ટ સ્વીકાર કર્યો, પરંતુ તેમાં કેટલાક ફેરફારો કર્યા. હરિયાણામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (SC-ST) માટેનું ૨૦% આરક્ષણ બે ભાગમાં વહેંચાયેલું છે. આમાં, ૧૦% ક્વોટા વંચિત અનુસૂચિત જાતિઓ માટે અને ૧૦% ક્વોટા અન્ય અનુસૂચિત જાતિઓ માટે નક્કી કરવામાં આવ્યો છે. આ રીતે, દલિત વર્ગમાં વધુ પછાત જાતિઓને ૧૦% આરક્ષણ આપવામાં આવી રહ્યું છે, જે કુલ ૨૦% ક્વોટાનો ભાગ છે.

### બિલની કોપી ફાડી કાગળ ફેંક્યા

# કેન્દ્ર સરકારે સંસદમાં 3 બિલ રજૂ કર્યા, વિપક્ષનો જોરદાર હોબાળો

**આ બિલ બિન-ચૂંટાયેલા લોકોને જલ્લાદની ભૂમિકા ભજવવાની સત્તા આપશે આ બિલની અનુચ્છેદનો ઉપયોગ સરકારને અસ્થિર કરવામાં થશે**

નવીદિલ્હી, તા.૨૦

કેન્દ્રીય ગૃહમંત્રીએ લોકસભામાં આ બિલ રજૂ કર્યું હતું.જેમાં કોઈપણ ગુના હેઠળ વડાપ્રધાનથી માંડી કોઈપણ મંત્રીને પાંચ વર્ષ કે તેથી વધુ સમયની જેલની સજા હેઠળના ગુના માટે સળંગ ૩૦ દિવસ સુધી ધરપકડ કે અટકાયત કરવામાં આવે તો તેમને પદ પરથી દૂર કરવામાં આવશે. આ બિલનો વિપક્ષ દ્વારા જોરદાર વિરોધ નોંધાવતાં લોકસભાની કાર્યવાહી ત્રણ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે.AIMIMના અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીએ આ બિલનો વિરોધ કરતાં કહ્યું છે કે, આ સત્તાના પૃથક્કરણનું ઉલ્લંઘન કરે છે. કાર્યકારી એજન્સીઓએ જજ, જ્યુરી અને જલ્લાદની ભૂમિકા નિભાવવાનો અધિકાર આપે છે. આ બિલ બિન-ચૂંટાયેલા લોકોને જલ્લાદની ભૂમિકા ભજવવાની સત્તા આપશે. આ બિલની અનુચ્છેદનો ઉપયોગ સરકારને અસ્થિર કરવામાં થશે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ પણ આ બિલનો વિરોધ કર્યો છે. તેમણે કહ્યું કે, કાલે, તમે કોઈપણ મુખ્યમંત્રી વિરૂદ્ધ કોઈપણ કેસ નોંધી શકો છો. તેને સાબિત કર્યા વિના ૩૦ દિવસ સુધી જેલમાં રાખશો... અને સત્તા છીનવી લેશો. આ બિલ સંપૂર્ણપણે બંધારણ વિરોધી છે.કેન્દ્ર સરકારે આજે લોકસભામાં કુલ ત્રણ બિલ રજૂ કર્યા છે. જેમાં બંધારણ (૧૩૦મો સુધારો) બિલ, જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન (સુધારો) બિલ અને કેન્દ્રશાસિત પ્રદેશોની સરકાર (સુધારો) બિલ. આ ત્રણેય બિલ સંપૂર્ણપણે એક નવું કાયદાકીય માળખું રજૂ કરે છે.

### શશી થરુરનો ફરી કોંગ્રેસથી જુદો મત

# કલંકિત સીએમ-પીએમ અને મંત્રીવાળા બિલને યોગ્ય ઠેરવ્યો

**થરૂરે ગુનાહિત ઈતિહાસ ધરાવતા મુખ્યમંત્રીઓ, વડાપ્રધાનો અને મંત્રીઓને પદ પરથી હટાવવા માટેના પ્રસ્તાવિત બિલને સમર્થન આપ્યું છે**

નવીદિલ્હી, તા.૨૦

કોંગ્રેસના સાંસદ શશિ થરૂર ઘણીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કરે છે અને પાર્ટીથી અલગ નિવેદનો આપે છે, તેમણે ફરી એકવાર પોતાની પાર્ટી કોંગ્રેસથી જુદું નિવેદન આપ્યું છે. થરૂરે ગુનાહિત ઈતિહાસ ધરાવતા મુખ્યમંત્રીઓ, વડાપ્રધાનો અને મંત્રીઓને પદ પરથી હટાવવા માટેના પ્રસ્તાવિત બિલને સમર્થન આપ્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર તેમણે કહ્યું કે, 'જો તમે ૩૦ દિવસ જેલમાં વિતાવો, તો શું તમે મંત્રી તરીકે રહી શકો? આ સામાન્ય સમજની વાત છે... મને આમાં કંઈપણ ખોટું નથી લાગતું.'

એવી પણ માહિતી છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આ બિલ રજૂ કર્યા પછી તેને સંસદની એક સંયુક્ત સમિતિને મોકલવા માટે લોકસભામાં પ્રસ્તાવ પણ રજૂ કરશે. આ અંગે થરૂરે કહ્યું કે, 'જો આ બિલને અભ્યાસ માટે સમિતિ પાસે મોકલવામાં આવે તો તે સારી વાત હશે. મને લાગે છે કે સમિતિની અંદર ચર્ચા થવી એ આપણા લોકતંત્ર માટે સારી વાત છે.'

કેન્દ્ર સરકાર બુધવારે સંસદમાં એક બિલ રજૂ કરવા જઈ રહી છે, જેમાં ગંભીર ગુનાહિત આરોપોમાં ધરપકડ અથવા કસ્ટડીમાં લેવાયા હોય તેવા વડાપ્રધાન, કેન્દ્રીય મંત્રી અને કેન્દ્રશાસિત પ્રદેશના મુખ્યમંત્રી અથવા મંત્રીને પદ પરથી હટાવવાની જોગવાઈ છે. જોકે, વિરોધ પક્ષો આ બિલનો સખત વિરોધ કરી રહ્યા છે.

આ બિલનો સૌથી વધુ વિરોધ કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કર્યો છે. પ્રિયંકાએ આ કડક બિલની આલોચના કરતાં કહ્યું કે, 'કાલે, તમે કોઈ પણ મુખ્યમંત્રી વિરુદ્ધ કોઈ પણ કેસ દાખલ કરી શકો છો, તેને દોષિત ઠરાવ્યા વિના ૩૦ દિવસ માટે ધરપકડ કરી શકો છો... અને પછી તે મુખ્યમંત્રી નહીં રહે? આ સંપૂર્ણપણે બંધારણ વિરોધી છે.'

ગૃહમંત્રી અમિત શાહ દ્વારા સંસદમાં રજૂ થનાર ૧૩૦મા બંધારણીય સુધારા બિલ ૨૦૨૫માં એવું પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે કે વડાપ્રધાનથી લઈને મુખ્યમંત્રી અને મંત્રી સુધી, જો કોઈ પણ મંત્રીની ધરપકડ થાય અને તે સતત ૩૦ દિવસથી વધુ સમય સુધી ન્યાયિક કસ્ટડીમાં જેલમાં રહે, તો તેણે ૩૧મા દિવસે રાજીનામું આપવું પડશે અથવા તેને પદ પરથી બરતરફ કરી દેવામાં આવશે.

કોંગ્રેસ સાથેના પોતાના સંબંધોને લઈને શશિ થરૂર સોમવારે પણ બધાને ચોંકાવી દીધા હતા, જ્યારે તેમણે ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા પર સંસદમાં વિશેષ ચર્ચામાં સામેલ ન થવા બદલ કોંગ્રેસ પર કટાક્ષ કર્યો હતો.

થરૂર અને કોંગ્રેસના સંબંધો ૨૦૨૧થી બગડી રહ્યા છે, જ્યારે તેઓ પાર્ટીમાં અસંતુષ્ટ નેતાઓના એક જૂથ, એટલે કે જી-૨૩માં જોડાયા હતા અને ગાંધી પરિવારના નેતૃત્વ પર સવાલો ઉઠાવ્યા હતા. ત્યારબાદ તાજેતરમાં, ખાસ કરીને પહલગામ હુમલા પછી થયેલા 'ઓપરેશન સિંદૂર' બાદ કોંગ્રેસ નેતૃત્વ સાથેના તેમના સંબંધો વધુ ખરાબ થઈ ગયા છે. કેન્દ્ર સરકારે તેમને 'ઓપરેશન સિંદૂર'ની માહિતી આપવા માટે વિદેશ મોકલાયેલા પ્રતિનિધિમંડળમાં સામેલ કર્યા હતા.

### રાહુલના આ 'અનકોમન હેન્ડશેક' એ સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું

# સંસદમાં અચાનક રાહુલ ગાંધીએ ભાજપ નેતા સાથે અનકોમન હેન્ડ શેક કર્યું

**આ મામલે બંને ભાજપ નેતાઓએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, આ ચૂંટણીને રાજકારણના ચશ્મા પહેરાવવા જોઈએ નહીં**

નવીદિલ્હી, તા.૨૦

સંસદમાં બુધવારે રોમાંચક નજારો જોવા મળ્યો હતો. કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ ભાજપ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રાજીવ પ્રતાપ રૂડીને કોન્સ્ટીટ્યુશન કલબ ઑફ ઈન્ડિયાના સેક્રેટરી ચૂંટણીમાં જીત બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

રાહુલના આ 'અનકોમન હેન્ડશેક' એ સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું છે. આ મુલાકાત તે સમયે થઈ, જ્યારે સદન ગૃહમાં બિહાર SIR તેમજ સંસદમાં મુખ્યમંત્રી-મંત્રીઓની ધરપકડ મુદ્દે રજૂ થનારા બિલનો વિપક્ષ વિરોધ કરી રહ્યો હતો. રાહુલ ગાંધીએ રાજીવ રૂડીને જોતાં જ તેમની પાસે જઈ હાથ મિલાવી અભિનંદન પાઠવ્યા હતા. બાદમાં પોતે જ મીડિયાને કહ્યું હતું કે, કોંગ્રેસ અને ભાજપ વચ્ચે એક અનકોમન હેન્ડશેક! અભિનંદન. જવાબમાં રૂડીએ સ્મિત સાથે આભાર માન્યો હતો.હાલમાં જ રાજીવ રૂડીએ કોન્સ્ટિટ્યુશન કલબના સેક્રેટરી (એડમિનિસ્ટ્રેશન)ના પદ માટે યોજાયેલી ચૂંટણીમાં જીત હાંસલ કરી હતી. આ મુકાબલો ભાજપ vs ભાજપ હતો. જેમાં રૂડીએ પોતાના જ પક્ષના સંજીવ બાલિયાનને હરાવ્યા હતાં. આ કલબની ઈતિહાસની સૌથી હાઈ-વોલ્ટેજ ચૂંટણી પૈકી એક હતી. મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, રૂડીને વિપક્ષના સાંસદોનું મોટાપાયે સમર્થન મળ્યુ હતું. જેથી તેઓએ જીત હાંસલ કરી છે. આ મામલે બંને ભાજપ નેતાઓએ સ્પષ્ટપણે કહ્યું હતું કે, આ ચૂંટણીને રાજકારણના ચશ્મા પહેરાવવા જોઈએ નહીં.

આ ચૂંટણીમાં મોટાપાયે મતદાન થયુ હતું. કુલ ૧૨૯૫ સભ્યોમાંથી ૭૦૭એ મતદાન કર્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા, યુપીએના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિત અનેક દિગ્ગજ મંત્રીઓ અને વિપક્ષ નેતાઓએ આ ચૂંટણીમાં ભાગ લીધો હતો.

### પહેલી વાર કેન્દ્ર સરકારે રેશનકાર્ડધારકોની ઓળખ કરી

# રેશનકાર્ડમાંથી કપાશે ૧.૧૭ કરોડ લોકોના નામ, કેન્દ્રએ રાજ્યોને મોકલી યાદી

**૧૭.૫૧ લાખ ફોર વ્હીલર માલિકો છે અને ૫.૩૧ લાખ કંપની ડિરેક્ટર છે. કુલ મળીને, લગભગ ૧.૧૭ કરોડ કાર્ડધારકો અયોગ્યની શ્રેણીમાં આવે છે**

નવીદિલ્હી, તા.૨૦

પહેલી વાર કેન્દ્ર સરકારે એવા રેશનકાર્ડધારકોની ઓળખ કરી છે જેઓ મફત અનાજ યોજનાનો લાભ મેળવવા માટે લાયક નથી. આ લાભાર્થીઓમાં આવકવેરા ભરનારાઓ, ફોર વ્હીલર માલિકો અને કંપનીઓના ડિરેક્ટરોનો સમાવેશ થાય છે. ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે આવકવેરા વિભાગ, માર્ગ પરિવહન મંત્રાલય અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય જેવી સરકારી એજન્સીઓના ડેટાબેઝ સાથે રેશનકાર્ડધારકોની વિગતો મેચ કરીને આ યાદી તૈયાર કરી છે.તપાસમાં જાણવા મળ્યું છે કે ૯૪.૭૧ લાખ રેશનકાર્ડધારકો કરદાતા છે, ૧૭.૫૧ લાખ ફોર વ્હીલર માલિકો છે અને ૫.૩૧ લાખ કંપની ડિરેક્ટર છે. કુલ મળીને, લગભગ ૧.૧૭ કરોડ કાર્ડધારકો અયોગ્યની શ્રેણીમાં આવે છે. હવે કેન્દ્રએ રાજ્યોને ૩૦ સપ્ટેમ્બર સુધીમાં જમીની સ્તરે ચકાસણી કરવા અને આ અયોગ્ય કાર્ડધારકોને યાદીમાંથી દૂર કરવા જણાવ્યું છે.ખાદ્ય વિભાગના એક અધિકારી જણાવ્યું હતું કે, "કેન્દ્રએ આ ડેટા રાજ્યોને અયોગ્ય લાભાર્થીઓને દૂર કરવામાં અને વેઈટિંગ લિસ્ટમાં રહેલા જરૂરિયાતમંદોને લાભ આપવા માટે શેર કર્યો છે. રાશન કાર્ડની સમીક્ષા કરવાની અને અયોગ્ય/ડુપ્લિકેટ કાર્ડ દૂર કરવાની અને પાત્ર લાભાર્થીઓને શામેલ કરવાની જવાબદારી રાજ્યોની છે." તેમણે કહ્યું, "ડેટાબેઝની ચોકસાઈથી સાચા વંચિત પરિવારોને ફાયદો થશે અને જાહેર વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા સુનિશ્ચિત થશે. આ કાર્ય ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થવું જોઈએ."નિયમો અનુસાર, સરકારી કર્મચારીઓ ૧ લાખ રૂપિયા કે તેથી વધુ વાર્ષિક આવક ધરાવતા પરિવારો, ફોર વ્હીલર માલિકો અને કરદાતાઓ મફત રાશન માટે પાત્ર નથી. ૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મોકલવામાં આવેલા પત્રમાં, ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે આ કવાયત યોગ્ય લોકો સુધી રાશન પહોંચાડવા માટે કરવામાં આવી રહી છે. તેમણે લખ્યું હતું કે મંત્રાલયે CBDT, CBIC, MCA, MoRTH અને PM-Kisan જેવી ઘણી એજન્સીઓના ડેટાબેઝમાંથી માહિતીને જોડીને અયોગ્ય લાભાર્થીઓની ઓળખ કરી છે.જુલાઈમાં કેન્દ્રએ રાજ્યસભાને જણાવ્યું હતું કે ૨૦૨૧-૨૩ વચ્ચે ૧.૩૪ કરોડ "બનાવટી/અયોગ્ય" રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. હાલમાં, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) હેઠળ રેશનકાર્ડ ધારકોને અનાજ સંપૂર્ણપણે મફત આપવામાં આવ્યું છે.

# સંપત્તિ જાહેર ના કરવાના બધાં કેસમાં ચૂંટણી પરિણામ રદ થઈ શકે નહીં : સર્વોચ્ચ અદાલત

નવી દિલ્હી, તા.૨૦

સુપ્રીમ કોર્ટે ચૂંટણી અગાઉ જાહેર ના કરાયેલી સંપત્તિનીને મામલે ચૂંટણી પરિણામ અયોગ્ય ઠેરવી શકાય કે કેમ તે અંગે એક મહત્વપૂર્ણ નિર્દેશ આપ્યો છે. સુપ્રીમે જણાવ્યું કે સંપત્તિનો ખુલાસો નહીં કરવાના તમામ કેસમાં ચૂંટણી પરિણામ રદ થઈ શકે નહીં. ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ એન કોટિશ્વર સિંહની ખંડપીઠે આ મામલે જણાવ્યું કે, ચૂંટણીમાં કોઈ વિજેતા ઉમેદવારે સંપત્તિની માહિતી જાહેર ના કરી હોય તો, કોર્ટે વધુ પડતી હોશિયારી તથા નિંદનિય દૃષ્ટિકોણ સાથે તે ચૂંટણી પરિણામને અયોગ્ય જાહેર કરવાની ઉતાવળ ના કરવી જોઈએ. પીઠે વધુમાં નોંધ્યું કે, એ બાબતની ચકાસણી કરવી જોઈએ કે શું ઉમેદવાર દ્વારા આ પ્રકારે સંપત્તિની વિગતો છુપાવવી કે ખુલાસો ના કરાયો તે હકીકતમાં એટલું મોટું કે વ્યાપક હતું જેનાથી ચૂંટણી પરિણામ પ્રભાવિત થઈ શક્યું હોત.બેન્ચે વધુમાં ઉમેર્યુ હતું કે, અમારા મતે કોઈપણ સંજોગોમાં સંપત્તિની માહિતી જાહેર ના કરવી તે પરિણામલક્ષી કે અપ્રસ્તુત છે, જેના નિષ્કર્ષ પર ચૂંટણી યોગ્ય અથવા અયોગ્ય જાહેર કરવાનો આધાર રહે છે, તે નક્કી કરવું હકીકતમાં કસોટી સમાન છે.સુપ્રીમ કોર્ટની પીઠે ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ના એક ચુકાદામાં જણાવ્યું કે, ચૂંટણી પ્રક્રિયામાં ગુનાહિત ઈતિહાસ અંગે ખુલાસો ચૂંટણી પ્રક્રિયાની શુદ્ધતાને જાળવી રાખવા માટે મહત્વપૂર્ણ છે, તેનું પ્રામાણિકતા સાથે પાલન થવું જોઈએ. તદઉપરાંત સંપત્તિ અને શૈક્ષણિક લાયકાતની માહિતી જાહેર કરવી તે ચૂંટણી પ્રક્રિયાને વધુ મજબૂત કરવા માટે વધારાની જરૂરિયાત સમાન હોય છે, આ મહત્વપૂર્ણ છે કે નહીં તે અંગે વિચારનો અવકાશ છે.સુપ્રીમ કોર્ટે ૩ ડિસેમ્બર ૨૦૨૩ના યોજાયેલી તેલંગણા વિધાનસભા ચંટણીમાં ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ)ના ઉમેદવાર કોવા લક્ષ્મીની જીત વિરુદ્ધ કોંગ્રેસના ઉમેદવાર અજેમરા શ્યામે દાખલ કરેલી અરજીને ફગાવી દીધી હતી. વિજેતા ઉમેદવારે ફોર્મ ૨૬ એફિડેવિટમાં વિતેલા પાંચ નાણાકીય વર્ષમાંથી ચારમાં આવકવેરા રિટર્ન અંગે ખુલાસો નથી કર્યો જે મહત્વની ખામી નથી તેમ સુપ્રીમે જણાવ્યું હતું.

### આ કેસની વધુ સુનાવણી ૨૫ ઓગસ્ટે રાખવામાં આવી છે

# મણિપુરના પૂર્વ મુખ્યમંત્રી સામેના કેસમાં ફોરેન્સિક તપાસ ખોટી દિશામાંઃ સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હી, તા.૨૦

મણિપુરમાં હિંસા મામલે પૂર્વ મુખ્યમંત્રીની શંકાસ્પદ ભૂમિકા દર્શાવતું ઓડિયો રેકોર્ડિંગ વાઈરલ થયું હતું. જેના પગલે એન બિરેન સિંઘને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાની ફરજ પડી હતી. રાજ્યમાં હિંસા ફેલાવવામાં પૂર્વ મુખ્યમંત્રીની શંકાસ્પદ ભૂમિકા અંગે સુપ્રીમ કોર્ટમાં અરજી થઈ હતી. આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ફોરેન્સિક તપાસ ખોટી દિશામાં થઈ રહી હોવાનું નોંધ્યું હતું અને સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની કામગીરી સામે નારાજગી દર્શાવી હતી. જસ્ટિસ સંજય કુમાર અને સતીષ ચંદ્ર શર્માની બેન્ચે નોંધ્યુ હતું કે, કોર્ટે ઓડિયો ક્લિપ્સની સત્યતા ચકાસવા આદેશ આપ્યા ન હતા, પરંતુ કોર્ટે વોઈસ સેમ્પલ ચકાસવા નિર્દેશ આપ્યા હતા. વોઈસ સેમ્પલના આધારે એ જાણવાનું હતું કે, ઓડિયો ક્લિપમાં સંભળાતો અવાજ અને આક્ષેપિતનો અવાજ એક જ વ્યક્તિનો છે કે નહીં? કોર્ટે એડિશનલ સોલિસિટર જનરલને જણાવ્યુ હતું કે, આ કેસમાં ઓડિયોની ઓથેન્સિટી સાબિત કરવા કોર્ટે ક્યારેય નિર્દેશ આપ્યા જ ન હતા. ફોરેન્સિક લેબોરેટરીની સમગ્ર કવાયત ખોટી દિશામાં જઈ રહી છે. આ કેસમાં પક્ષકાર તરીકે જોડવા માટે પૂર્વ મુખ્યમંત્રી સિંઘની દીકરીએ અરજી કરી હતી, પરંતુ કોર્ટે આ અરજી નકારી દીધી હતી અને ઠરાવ્યું હતું કે, આ કેસ ફેમિલી સપોર્ટ પ્રોગ્રામ નથી. આ કેસના અરજદાર કુકી ઓર્ગેનાઈઝેશન ફોર હ્યુમન રાઈટ્સ ટ્રસ્ટ તરફથી એસઆઈટી તપાસની માગ કરવામાં આવી છે. આ સાથે આક્ષેપ લગાવાયો હતો કે, સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી પર એ જ સરકારનો વહીવટી અંકુશ છે, જે પક્ષની સરકારમાં આક્ષેપિત સિંઘ મુખ્યમંત્રી હતા. આ કેસની વધુ સુનાવણી ૨૫ ઓગસ્ટે રાખવામાં આવી છે.

### ટ્રમ્પનું નવું ગતકડું

# મેક્સિકોથી ઘૂસણખોરી રોકવા દીવાલને કાળા રંગથી રંગવાનો આદેશ કર્યો

**કાળો રંગ સૂર્યની ગરમીને વધુ માત્રામાં સંગ્રહ કરતો હોવાથી કાળી દીવાલ વધુ ગરમ થશે અને ઘૂસણખોરો એના પર ચઢીને સરહદ ઓળંગી નહીં શકે**

વૉશિંગ્ટન, તા.૨૦

દર બીજે-ત્રીજે દિવસે કશુંક નવું ગતકડું ન કરે તો ડોનાલ્ડ ટ્રમ્પ શાના? તાજેતરમાં તેમણે અમેરિકા-મેક્સિકો સરહદે બનાવાયેલી સંરક્ષણ દીવાલને કાળા રંગે રંગવાનો આદેશ આપ્યો છે. તેમનું માનવું છે કે, કાળો રંગ સૂર્યની ગરમીને વધુ માત્રામાં સંગ્રહ કરતો હોવાથી કાળી દીવાલ વધુ ગરમ થશે અને ઘૂસણખોરો એના પર ચઢીને સરહદ ઓળંગી નહીં શકે. અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી ક્રિસ્ટી નોએમે ૧૯ ઓગસ્ટના રોજ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, 'આ પગલું 'ટ્રમ્પની ઈચ્છા' મુજબ લેવામાં આવી રહ્યું છે. કાળો રંગ દીવાલને ગરમ બનાવીને તેના ઉપર ચઢવાનું મુશ્કેલ બનાવશે.' જો કે, નિષ્ણાતોની દલીલ છે કે આ માત્ર ભૌતિક અવરોધ નથી, પરંતુ માનસિક દમન પણ છે. આ એક પ્રતીકાત્મક સંદેશ છે કે, 'અમેરિકા હવે વધુ કડક બન્યું છે.' દીવાલને કાળા રંગે રંગવાનો વિચાર સરહદ પાર કરવા ઈચ્છતા લોકોને એવો સંદેશ આપવા માટે છે કે હવે અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરવો અશક્ય છે.ટ્રમ્પ તંત્ર આ યુક્તિ અસરકારક સાબિત થશે એમ કહી રહ્યું છે, પરંતુ નિષ્ણાતોનો પ્રશ્ન છે કે માત્ર દીવાલને કાળો રંગ કરવાથી ગેરકાયદે ઈમિગ્રેશન અટકી જશે? સરહદ પાર કરવાના બીજા પણ ઘણાં માર્ગો છે. જેમ કે, ટનલ, વાહન મારફતે પ્રવેશ, અથવા કાયદાકીય છીડાંનો ઉપયોગ. તેથી નિષ્ણાતો કહે છે કે, દીવાલનો કાળો રંગ માત્ર મર્યાદિત રીતે અસરકારક બનશે. ટ્રમ્પના પહેલા કાર્યકાળમાં સરહદે દીવાલ બનાવવી એ ટ્રમ્પનો મુખ્ય એજન્ડા હતો. બીજા કાર્યકાળમાં તેઓ ઘૂસણખોરોની ધરપકડ અને દેશનિકાલ પર ભાર મૂકી રહ્યા છે. તેઓ તેમની આકરી ઈમિગ્રેશન નીતિ જાળવીને અમેરિકનોને એવો સંદેશ આપવા માગે છે કે, જુઓ હું ચૂંટણીપ્રચાર દરમિયાન આપેલા વચનો નિભાવી રહ્યો છું. જો કે, નિષ્ણાતો કહે છે કે વર્ષ ૨૦૨૬ માં અમેરિકામાં 'હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝ'ની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે તેથી ટ્રમ્પ તેમની ઈમિગ્રેશન નીતિ વિષયક કડકાઈનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરવા ઈચ્છે છે.ટ્રમ્પના વિરોધીઓની દલીલ છે કે, આવા પગલાં માનવતાવાદી મૂલ્યોને નુકસાન પહોંચાડે છે. ગરમ દીવાલ પર ચઢતી વખતે ઈમિગ્રન્ટ્સ ગંભીર રીતે ઘાયલ થઈ શકે છે, જેને માનવ અધિકારનું ઉલ્લંઘન ગણાશે. આ કારણસર આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકાની 'લિબરલ' અને 'માનવ અધિકારના રક્ષક' તરીકેની છબીને નુકસાન પહોંચશે. મેક્સિકો સાથેના દ્વિપક્ષીય સંબંધોમાં પણ તણાવ વધી શકે છે. અમેરિકન રાજનીતિના નિષ્ણાતોનું કહેવું છે કે, ટ્રમ્પે ઈમિગ્રેશન નીતિ બાબતે આટલું કડક વલણ અપનાવવાને બદલે દેશના આર્થિક અને રાજકીય સુધારા બાબતે મહેનત કરવી જોઈએ. અમેરિકન જનતામાં આ મુદ્દે વિભાજન જોવા મળે છે. ટ્રમ્પના સમર્થકો માને છે કે કડક નીતિ જ ઘૂસણખોરી રોકવાનો એકમાત્ર રસ્તો છે. જ્યારે પ્રગતિશીલ વર્ગ માને છે કે અમેરિકાની ઓળખ હંમેશાં 'ઈમિગ્રન્ટ્સના દેશ' તરીકેની રહી છે, અને ટ્રમ્પની કડક નીતિ એ મૂલ્યોને નષ્ટ કરે છે. એક સર્વે મુજબ રિપબ્લિકન મતદારોમાં ૭૫% લોકો આ નિર્ણયનું સમર્થન કરે છે, જ્યારે ડેમોક્રેટિક સમર્થનમાં આ આંકડો ૨૦%થી પણ ઓછો છે.અમેરિકન રાજકારણમાં સરહદ સુરક્ષા હંમેશથી વિવાદાસ્પદ મુદ્દો રહ્યો છે. ૧૯૯૦ ના દાયકામાં બિલ ક્લિન્ટનના સમયમાં 'ઓપરેશન ગેટકીપર' દ્વારા સરહદી સુરક્ષા પર ભાર મૂકાયો હતો. જ્યોર્જ ડબલ્યુ. બૂશના કાર્યકાળમાં ૯/૧૧ બાદ રાષ્ટ્રીય સુરક્ષાના નામે સરહદો પર નિયંત્રણ કડક બન્યું હતું. પરંતુ ટ્રમ્પે તો દીવાલને પોતાની રાજકીય ઓળખ જ બનાવી છે. તેમની ચૂંટણી સભાઓમાં 'બિલ્ડ ધ વૉલ' એ સૌથી લોકપ્રિય નારો હતો. હવે, દીવાલને કાળો રંગ કરાવવાની જાહેરાત એ જ રાજકીય વારસાને ફરી જીવંત કરવાનો પ્રયાસ ગણાવાઈ રહ્યો છે.

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમ ખાતે આસ્થાભેર જન્માષ્ટમી પર્વની ઉજવણી





અમરેલી લોક કલ્યાણની અનેકવિધ સેવાકિય પ્રવૃતિ કરતી સંસ્થા સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ ખાતે જન્માષ્ટમીના પાવન તહેવાર નિમિત્તે ભવ્ય કૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આઠમની મધ્યરાત્રિએ તપોવન આશ્રમના તપસ્વીઓની સાથે સંગીત સંધ્યાનો કાર્યક્રમ, મટકી ફોડ, ફટાકડાની આતશબાજી સાથે ભવ્ય કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલ. આ અવસરે દીલીપભાઈ સંઘાણી, મુકેશભાઈ સંઘાણી સેજલબેન સંઘાણી, કૌશિકદાદા (શાસ્ત્રીજી), મંત્રભાઈ સંઘાણી, અતુલભાઈ પડસાળા, સુરેશભાઈ શેખવા, મનીષભાઈ સંઘાણી, કલ્પેશકુમાર રૂપારેલ, શૈલેશભાઈ પરમાર, હરિભાઈ બાંભરોલીયા, વી. પી. માગંરોળીયા, એ. વી. આકોલીયા, ઇતેશભાઈ મહેતા, ધાર્મિકભાઈ રામાણી, મહેશભાઈ ઠુંમર, ચંદુભાઈ રામાણી, હરિભાઈ કાબરીયા, મનીષભાઈ વઘાસિયા, પ્રેમ અશોકભાઈ જોગાણી, દીલીપભાઈ ઠાકોર, જયેશભાઈ સરવૈયા, પ્રતાપભાઈ રાઠોડ, કપીલભાઈ પટોળીયા, સારહી તપોવન આશ્રમના તપસ્વીઓ, સારહી પરીવાર તથા શ્રદ્ધાળ ભક્તો પરિવાર સાથે પધારીને ભક્તિ ભાવથી આ કાર્યક્રમમાં જોડાઈને ભગવાન કૃષ્ણના આધ્યાત્મિક પ્રસંગનો લાભ લીધેલ.

### જોગેવ ધામવાળા (દાફડા) પરિવાર દ્વારા

## ચલાલામાં ૧૯૦ મંડપ નો સ્થંભ ઊભો કરી કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો

**૧૯૦ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ ઉજવણી**




ચલાલા, તા. ૨૦

ધારી તાલુકાના ચલાલામાં હર હંમેશ મંડપોત્સવ અને પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. અહી આઠમના દિવસે જોગેવ ધામમાં જોર શોરથી કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દુ સંસ્કૃતિ મુજબ દર વર્ષે જોગેવ ધામમાં સાતમના દિવસે ઉગતા પોરે બાવાજી બાપાનો મંડપનો સ્તંભ ઊભો કરવામાં આવે છે આ બાદ સ્તંભનું પૂજન કરીને ધન્યતા અનુભવાય છે. તેમજ આઠમના રોજ સવારે વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ સવારમાં પુજા વિધિ કર્યા બાદ પ્રસાદ લઈ ઉજવણી કરવામાં આવે છે.અહી રાત્રિના સમયે કૃષ્ણ જન્મોત્સવનું સુંદર ભવ્ય આયોજન કરવામાં આવે છે. જેમાં બાલ કૃષ્ણ ને ઢોલના ધબકારે જાલારના જાણકારે સાથે કાનુડાના જન્મના વધામણા કરવામાં આવે છે તેમજ પોષ્ટિક નાસ્તો પણ આપવામાં આવે છે અને બાલકૃષ્ણ પર પુષ્પોની વર્ષા કરી જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવે છે તથા નોમના દિવસે બાવાજી બાપાના સામૈયા કરવામાં આવે છે અને રામાપીર બાપાનો પાટોત્સવ કરવામાં આવે છે અને દશમના દિવસે સવારે મંડપ સ્તંભને ઉતારી ધન્યતા અનુભવાય છે. અને આ ત્રણ દિવસ દર્શનાર્થીઓ અને યાત્રાળુઓની ભીડ જામી રહે છે અને દર્શન કરી ત્રણ દિવસ પ્રસાદનો લાભ લય લોકો ની આસ્થાનું પ્રતીક બની રહે છે.

### દરિયા કાંઠે ખલાસીઓની રાહમાં પરિવારજનો

## જાફરાબાદ : ૫૦૦ બોટો સુરક્ષિત લાંગરી, હજી ૫૦ થી વધુ દરિયામાં

**જેમ જેમ બોટ પરત ફરે તેમ તેમ પરિવારોમાં રાહત**

જાફરાબાદ, તા.૨૦

અમરેલી જિલ્લાના જાફરાબાદ દરિયા કાંઠે છેલ્લા બે દિવસથી સર્જાયેલા તોફાની માહોલ બાદ માછીમારોમાં ચિંતા અને ગભરાટનો માહોલ છે. ભારે વરસાદ અને દરિયાના ઊંચા મોજાંને કારણે તંત્ર દ્વારા માછીમારોને દરિયામાં ન જવાની ચેતવણી આપવામાં આવી હતી. આ પરિસ્થિતિ વચ્ચે ૫૦૦ જેટલી બોટો સુરક્ષિત રીતે કિનારે લાંગરી દેવાઈ છે, પરંતુ હજી પણ ૫૦ થી વધુ બોટો દરિયામાં હોવાની માહિતી મળી રહી છે.

દરિયામાં ગયેલા ખલાસીઓના પરિવારજનો કિનારે પહોંચ્યા છે અને કાગડોળે બોટોની વાટ જોઈ રહ્યા છે. જેમ જેમ બોટો ધીમે ધીમે જાફરાબાદના દરિયા કિનારે આવી રહી છે, તેમ પરિવારજનો અને સાથી માછીમારોમાં હાશકારો ફેલાઈ રહ્યો છે.

પરંતુ હજી બધી જ બોટો પરત આવી નથી, જેના કારણે લોકોમાં ચિંતા યથાવત છે. દરિયા કાંઠે હાજર સૈંકડો લોકો પોતાના પ્રિયજનોને સુરક્ષિત પરત આવતાં જોવા આતુર છે.

જાફરાબાદ દરિયા કાંઠે હાલ આશા અને ચિંતા વચ્ચેનો માહોલ સર્જાયો છે એક તરફ સુરક્ષિત પરત આવેલી બોટો હાશકારો આપી રહી છે,



તો બીજી તરફ દરિયામાં રહેલી બોટોની રાહ પરિવારજનોને સતાવતી રહી છે.

## રશિયામાંથી ખરીદવામાં આવેલા બે હેલિકોપ્ટર બાંગ્લાદેશ સરકાર માટે મુસીબત બન્યા

બાંગ્લાદેશ, તા.૨૦

રશિયામાંથી ખરીદવામાં આવેલા બે હેલિકોપ્ટર બાંગ્લાદેશ સરકાર માટે મુસીબત બન્યા છે. શેખ હસીના જ્યારે સત્તા પર હતા ત્યારે તેઓએ રશિયા સાથે સૌદો કર્યો હતો અને ચુકવણી પણ કરી હતી. પરંતુ હવે અમેરિકાના પ્રતિબંધના કારણે હેલિકોપ્ટર બાંગ્લાદેશમાં લાવવાનું મુશ્કેલ થઈ ગયુ છે.બાંગ્લાદેશમાં રોજ નવા નવા સંકટ જોવા મળે છે. ત્યારે હવે ફરી એક મુશ્કેલીએ દસ્તક આપી છે. ભૂતપૂર્વ પીએમ શેખ હસીનાની પાર્ટી આવામી લીગે ૩ વર્ષ પહેલા હેલિકોપ્ટર ડીલ કરી હતી. રશિયા પાસેથી ખરીદવામાં આવેલા આ બે હેલિકોપ્ટર હવે સંકટ ઉભુ કરી રહ્યા છે. લગભગ Tk 4 અરબની આ ડીલમાં Tk ૨.૯૮ અરબ અગાઉ ચુકવવામાં આવ્યા હતા.પરંતુ અમેરિકાએ લગાવેલા પ્રતિબંધોના કારણે આ હેલિકોપ્ટર બાંગ્લાદેશમાં લાવવાનું અસંભવ બન્યુ છે. એક તરફ કરાર રદ્દ કરવા પર મોટુ આર્થિક નુકસાન થઈ શકે છે. તો બીજી તરફ, હેલિકોપ્ટર આયાત કરવા પર અમેરિકાના રાજનાયિક સાથે તણાવ વધી શકે છે.એપ્રિલ ૨૦૨૧માં અમેરિકાએ કેટલીક રશિયા રક્ષા કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યા હતા. જેમાં Russian Helicopters પણ સામેલ છે. આ સિવાય બાંગ્લાદેશે એજ વર્ષે નવેમ્બરમાં આ કરાર સાઈન કર્યો હતો. અહીં પ્રશ્ન એ ઉભો થાય છે કે, સરકારને પ્રતિબંધ વિશે ખબર હોવા છતા કેમ તેઓએ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.?. આ હેલિકોપ્ટરો હમણા રશિયા પાસે છે. અને સાચવણીનો ખર્ચ પણ સતત વધી રહ્યો છે. વિદેશ મંત્રાલયે જણાવ્યુ છે કે, જો બાંગ્લાદેશ હેલિકોપ્ટર લાવવા માટે પ્રયત્ન કરશે તો તેની નકારાત્મક અસર અમેરિકા-બાંગ્લાદેશના સંબંધો પર પડશે. અમેરિકા સાથે ટક્કર લેવી એ બાંગ્લાદેશ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

### ઓનલાઈન ગેમ્સમાં રોજના ૨૦ હજાર કરોડનું નુકસાન

## ઓનલાઈન સટ્ટો ગુનો ગણાશે, ગેમિંગ બિલ લોકસભામાં પસાર

**સરકાર ઓનલાઈન સટ્ટાને પ્રોત્સાહન આપતી એપ્સ અને તેનું માર્કેટિંગ કરનારી હસ્તીઓ વિરુદ્ધ કાર્યવાહી કરશે**

નવીદિલ્હી, તા.૨૦

હવે દેશમાં ઓનલાઈન સટ્ટાબાજી દંડનીય ગુનો ગણાશે. લોકસભામાં ઓનલાઈન ગેમિંગ બિલ પસાર કરી દેવાયું છે. એવું કહેવાય છે કે, આ બિલને મંજૂરી મળ્યા પછી સરકાર ઓનલાઈન સટ્ટાને પ્રોત્સાહન આપતી એપ્સ અને તેનું માર્કેટિંગ કરનારી હસ્તીઓ વિરુદ્ધ કાર્યવાહી કરશે. લોકસભામાં ભારે હોબાળા વચ્ચે ઓનલાઈન ગેમિંગ બિલ રજૂ કરવામાં આવ્યું હતું. જેને મંજૂરી મળી છે. હવે રાજયસભામાં આ ઠરાવ પસાર કરવામાં આવશે.

નવા બિલમાં અમુક ઓનલાઈન ગેમ્સને પ્રતિબંધિત કરવાની જોગવાઈઓ સામેલ છે. કુટેવ, નાણાકીય જોખમ અને સામાજિક અસરને પ્રોત્સાહન આપતી ગેમ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. વધુમાં સ્કિલ આધારિત ગેમ જેમ કે, ચેસ, ક્વિઝ, ઈ-સ્પોર્ટ્સે દર્શાવવાનું રહેશે કે, આ ગેમ સ્કિલ આધારિત છે કે તક આધારિત. દરેક પ્લેટફોર્મ પર કેવાયસી અને ડેટા પ્રોટેક્શન નિયમ લાગુ કરાશે. સગીરો માટે ટાઈમ લીમિટ, ખર્ચ મર્યાદા અને પેરન્ટલ કંટ્રોલ અનિવાર્ય રહેશે. તેમજ સટ્ટાકીય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપતી બેટિંગ ગેમ્સ પર પ્રતિબંધ લાદવામાં આવશે.વિવિધ ઓનલાઈન સટ્ટાબાજી એપ્સના આશરે ૨૨ કરોડ ભારતીય યુઝર્સ છે, જે પૈકી ૧૧ કરોડ નિયમિત રીતે તેનો ઉપયોગ કરે છે. ભારતમાં ઓનલાઈન ગેમિંગનું માર્કેટ ૩ અબજ ડૉલરથી વધુ છે. નવા કાયદાથી વાસ્તવિક કાર્યરત ગેમિંગ કંપનીઓને લાભ મળશે. તેમજ વિદેશી રોકાણકારોનો વિશ્વાસ પણ વધશે. બિલ મંજૂર થયા બાદ ગેમિંગ ઈન્ડસ્ટ્રી એક કાયદાકીય માળખામાં કામ કરશે.

આ બિલનો ઉદ્દેશ ઈ-સ્પોર્ટ્સ, એજ્યુકેશન ગેમ્સ, અને સોશિયલ ગેમ્સ સહિત ઓનલાઈન ગેમિંગ સેક્ટરનું નિયમન તેમજ પ્રોત્સાહન આપવાનો છે.

જે ગેરકાયદે અને સટ્ટાકીય પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતી એપ્સ પર અંકુશો લાદી વાસ્તવિક રીતે કાર્યરત ગેમિંગ કંપનીઓને નિયમો હેઠળ કામ કરવાનું માળખુ પૂરુ પાડશે. સરકારી સૂત્રોએ જણાવ્યા પ્રમાણે, ઓનલાઈન બેટિંગ ગેમ્સના માધ્યમથી દેશના ૪૫ કરોડ લોકો રોજના રૂ. ૨૦,૦૦૦ કરોડ ગુમાવે છે. લોકસભામાં કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ઓનલાઈન ગેમિંગ બિલ રજૂ કર્યું હતું

### અચકચઇ રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડી ચુક્યા છે

## ઇમરાન ખાને અચકચઇ પર નેતા પ્રતિપક્ષ માટેનો દાંવ લગાવ્યો

**પાડોશી દેશમાં વિપક્ષની લડાઇ વધુ રસપ્રદ બનશે અચકચઇને પાકિસ્તાનમાં મજબૂત નેતા ગણવામાં આવે છે**

પાકિસ્તાન, તા.૨૦

૭૭ વર્ષના અચકચઈ બલૂચિસ્તાનના કદાવર નેતાઓમાંના એક છે. અચકચઈ રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી લડી ચુક્યા છે. ઈમરાન ખાને અચકચઈ પર નેતા પ્રતિપક્ષ માટેનો દાંવ લગાવ્યો છે. જેને લઈને પાડોશી દેશમાં વિપક્ષની લડાઈ વધુ રસપ્રદ બનશે. અચકચઈને પાકિસ્તાનમાં મજબૂત નેતા ગણવામાં આવે છે.

ઈમરાન ખાનનું નિયંત્રણ પાકિસ્તાનના વિવિધ વિસ્તારોમાં ઓછું થઉ રહ્યુ છે. ઈમરાન ખાનનો દબદબો માત્ર ખૈબર સુધી સમિતિ છે. ઈમરાને તેને નવી રૂપરેખામાં હાંસલ કરવા માટે બલૂચિસ્તાનની વાટ પકડી છે. ઈમરાન ખાન જેવી રીતે પાકિસ્તાનમાં શાસન અને સેનાનો વિરોધ કરે છે. તેવી જ રીતે બલૂચિસ્તાનમાં પણ શાસન અને સેનાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. બલૂચિસ્તાનમાં વર્ષ ૨૦૨૫ની શરુઆતના ૬ મહિનામાં જ ૭૦૦થી વધુ હુમલાઓ કરવામાં આવ્યા છે. બલૂચિસ્તાનના બીએલએને હમણા અમરિકાએ આતંકી સંગઠન જાહેર કર્યુ છે. અચકચઈને નેતા પ્રતિપક્ષનું પદ આપીને ઈમરાન ખાને મોટા ગઠબંધન માટે પ્રયત્નો હાથ ધર્યા છે. અચકચઈની સાથે ફઝલ ઉર રહમાન પણ પાકિસ્તાનમાં ઈમરાન ખાનની સાથે જોવા મળી શકે છે. જેના કારણે આગામી સમયમાં શાહબાઝ શરીફ માટે મુશ્કેલી પણ વધી શકે છે. પાકિસ્તાનમાં શહબાઝ શરીફ, આસિમ મુનીર અને આસિફ અલી ઝરદારી સામે ટક્કર આપવા માટે ઈમરાન ખાને મોટો દાવ રમ્યો છે. ઈમરાન ખાને પશ્તૂન પાર્ટીના મહમૂદ ખાન અચકચઈને નેતા પ્રતિપક્ષ માટે ઉમેદવાર જાહેર કર્યા છે. ૭૮ વર્ષના અચકચઈ બલૂચિસ્તાનમાં પોતાનું અલગ સ્થાન ધરાવે છે.

ઈમરાન ખાનના પ્રયત્નો લોકતંત્ર માટે લડાઈને તેજ કરવાની છે.

તમામ કવાયત કર્યા બાદ પણ ઘણી નિષ્ફળતાઓ સામે આવી રહી છે. જેને જોતા ઈમરાન હવે નવા-નવા સાથીઓની શોધ કરી રહ્યા છે. પાકિસ્તાનમાં પણ સંસદીય પ્રણાલી સિસ્ટમ છે. નેતા વિપક્ષને મહત્ત્વનું સ્થાન મળે છે. તે વિરોધ પક્ષની તમામ વાતો જનતા અને સત્તા પક્ષ સુધી પહોંચાડે છે. મોટા ભાગના કિસ્સાઓમાં નેતા પ્રતિપક્ષની સલાહ પણ લેવામાં આવે છે. સંસદથી લઈને સડક સુધીની લડાઈમાં વિપક્ષ નેતાની ભૂમિકા મહત્ત્વની હોય છે.

### B.A. (Eng.) Sem-VI માં

## અમરેલી : શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજનું ફર્સ્ટ કલાસ પરિણામ

**પ્રિયા રાઠોડ, કૃતિ વઘાસીયા અને તમ્મના શાહ અગ્રેસર**





અમરેલી, તા. ૨૦

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજનું B.A. (Eng.) Sem -VIનું ૯૫ % પરિણામ સાથે ૧૦૦ ટકા ફર્સ્ટ કલાસ પરિણામ આવેલ છે. કોલેજમાં પ્રથમ સ્થાને પ્રિયા રાઠોડ, દ્વિતીય સ્થાને કૃતિ વઘાસીયા અને તૃતિય સ્થાને તમન્ના શાહે સ્થાન મેળવેલ છે.

### મોદી-પુતિન વચ્ચે ટેલિફોનિક વાતચીત

## ટ્રમ્પની ટેરિફ ધમકી વચ્ચે રશિયાએ ભારતના કર્યા ભરપૂર વખાણ

**એકતરફ અમેરિકા ભારતનું મોટું વ્યાપાર અને વ્યૂહાત્મક ભાગીદાર છે, જયારે રશિયા ભારતનું પરંપરાગત ભાગીદાર છે**

નવીદિલ્હી, તા.૨૦

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર મસમોટો ટેરિફ ઝિંક્યા બાદ રશિયાએ અમેરિકા પર નિશાન સાધ્યું છે. રશિયાએ ભારતના ભરપૂર વખાણ કર્યા છે અને કહ્યું છે કે, ભારત અમારા માટે ખૂબ જ મહત્ત્વનું છે. ભારતમાં રશિયન દૂતાવાસના રાજદૂત રોમન બાબુશ્કિ ને એક પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પના ટેરિફ બૉંબની આકરા શબ્દોમાં ટીકા કરી છે. તેમણે કહ્યું કે, અમેરિકા એકતરફી નિર્ણયો લઈને ખોટી રીતે દબાણ કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી, જેમાં રશિયન-યુક્રેન યુદ્ધ અને બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો વધારવા જેવા મુદ્દે ચર્ચા થઈ હતી. ભારત યુક્રેન યુદ્ધનું શાંતિપૂર્ણ સમાધાન કરવાની સતત તરફેણ કરી રહ્યું છે. ભારતની રણનીતિ અમેરિકા અને રશિયા બંને સાથે સંતુલન જાળવી રાખવાની રહી છે. એકતરફ અમેરિકા ભારતનું મોટું વ્યાપાર અને વ્યૂહાત્મક ભાગીદાર છે, જ્યારે રશિયા ભારતનું પરંપરાગત ભાગીદાર છે. આ જ કારણે ભારતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી બંધ કરવાની સંભાવનાનો ઈક્કાર કરી દીધો છે.અમેરિકા ટેરિફ અને આર્થિક પ્રતિબંધોનો હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યું છે. બાબુશ્કિનનું કહેવું છે કે, 'ટ્રમ્પની ટેરિફ અને આર્થિક પ્રતિબંધની નીતિના કારણે વૈશ્વિક સ્તરે ડૉલર પરનો વિશ્વાસ ઘટી રહ્યો છે.' ટ્રમ્પ વારંવાર કહી રહ્યા છે કે, ભારત રશિયા પાસેથી બહોળા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદી રહ્યું હોવાથી અમે તેમના પર ટેરિફ ઝિંક્યો છે, ત્યારે રશિયન રાજદૂતે આ મામલે કહ્યું કે, 'રશિયા ક્યારેય ભારત પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ નહીં લગાવે અને આર્થિક દબાણ પણ નહીં કરે.'

ટ્રમ્પની દાદાગીરી વચ્ચે તેમણે એમ પણ કહ્યું કે, 'રશિયાએ ભારત પાસે ક્રૂડ ઓઈલનો વેપાર જાળવી રાખવા માટે સ્પેશિયલ સિસ્ટમ વિકસાવી છે, જેના કારણે બંને દેશોના સંબંધો પર અમેરિકાનો કોઈપણ પ્રભાવ નહીં પડે.' રશિયન રાજદૂતે કહ્યું કે, 'રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન આ વર્ષના અંત સુધીમાં ભારતનો પ્રવાસ કરશે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. આ મુલાકાતથી ભારત-રશિયાના સંબંધોમાં નવી ઊર્જા ઉભી થશે. આ સાથે તેમણે ચીનના વિદેશ મંત્રી વાંગ યીના ભારત પ્રવાસને પણ સફળ ગણાવ્યો છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે, 'ભારત-રશિયા-ચીન વચ્ચે ત્રિપક્ષીય બેઠક યોજાશે. આ ત્રિપક્ષીય સહયોગ એશિયાની ભૂ-રાજનીતિમાં ખરેખર ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.' અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ ભારતના રશિયા સાથેના ક્રૂડ સહિતના વેપાર સંબંધોમાં તિરાડ પાડવા માટે દબાણ બનાવી રહ્યા છે. ટ્રમ્પે યુક્રેન યુદ્ધવિરામ માટે રશિયા પર દબાણ લાવવા વિવિધ પ્રયાસો હાથ ધર્યા છે. જેમાં તેમણે હાલમાં જ રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ ભારત પર કુલ ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. વધુમાં વેપાર પ્રતિબંધો નહીં મૂકે તો પેનલ્ટી લાદવાની ચીમકી પણ આપી છે. જો કે, ભારતે અમેરિકાની ટેરિફ નીતિ સામે ઝૂકવાનો ઈનકાર કર્યો છે. તે રશિયા સાથે પોતાના સંબંધો વધુ ગાઢ બનાવી રહ્યું છે.

## અફઘાનિસ્તાનના પશ્ચિમ પ્રાંત હેરાતમાં એક ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો

અફઘાનિસ્તાન, તા.૨૦

અફઘાનિસ્તાનના પશ્ચિમ પ્રાંત હેરાતમાં બુધવારે એક ભયંકર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં ઓછામાં ઓછા ૭૧ લોકોએ જીવ ગુમાવ્યા. તેમાં ૧૭ તો નિર્દોષ બાળકોએ જીવ ગુમાવ્યા. આ દુર્ઘટના ત્યારે સર્જાઈ જ્યારે એક બસ, ટ્રક અને બાઈક સાથે ટક્કર બાદ અગનગોળો બની ગઈ હતી.

આ મામલે પ્રાદેશિક સરકારના પ્રવક્તા અહેમદુલ્લાહ મુત્તાકીએ ઘટનાની પુષ્ટી કરતાં કહ્યું કે વર્તમાન સમયનો આ સૌથી ભીષણ અકસ્માત હતો. હેરાતમાં બસ, ટ્રક અને બાઈક વચ્ચે આ ટક્કર થઇ હતી. સોશિયલ મીડિયા પર આ અકસ્માતનો એક વીડિયો પણ વાઈરલ થઇ રહ્યો છે અને આજુબાજુ ગભરાયેલા લોકોની ભીડ પણ દેખાઈ રહી છે.

અન્ય એક પ્રાદેશિક અધિકારી મોહમ્મદ યુસુફ સઈદીએ જણાવ્યું કે આ બસમાં ઈરાનમાંથી કાઢી મૂકાયેલા અફઘાની નાગરિકો સવાર હતા જે ઈસ્લામ કલા બોર્ડર ક્રોસ કરી કાબુલ તરફ જઈ રહ્યા હતા. જોકે અકસ્માતનું કારણ જણાવતા મુત્તાકીએ કહ્યું કે આ દુર્ઘટના હેરાત શહેરના બાહ્ય વિસ્તાર ગુજારા જિલ્લામાં બસની વધારે પડતી સ્પીડ અને અને બેદરકારીને કારણે થયું હતું. બસ પહેલા બાઈક સાથે અને પછી ઈંધણ ભરેલા ટ્રક સાથે ટકરાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ત્રણ જ લોકોનો જીવ બચ્યો હતો. જોકે ટ્રક અને બાઈકચાલક ચાર લોકો પણ મૃતકોમાં સામેલ છે.

# બાબરામાં શહીદ ચોક ખાતે નગરપાલિકા દ્વારા ૭૯માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ








તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં નગરપાલિકા દ્વારા અહીં શહીદ ચોક ખાતે ૧૫મી ઓગસ્ટની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અહીં સવારે ૯ કલાકે પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર દ્વારા ધ્વજવંદન કરી તિરંગાને સલામી આપી હતી ત્યારબાદ ભગતસિંહ યુવા સમિતિ દ્વારા પરેડ કરવામાં આવી હતી તેમજ અન્ય વિદ્યાર્થીઓ અને વિશિષ્ટ વ્યકિતનું સન્માન પાલિકા પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું હતું. અહીં ભગતસિંહ યુવા સમિતિ દ્વારા મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં રકતદાતાઓ દ્વારા રકતદાન કરવામાં આવતા ૨૦૦ જેટલી બોટલ એકત્ર થઈ હતી. પાલિકા ઉપપ્રમુખ અકુરભાઈ જસાણી, કારોબારી સમીતી ચેરમેન અનિભાઈ મકવાણા, ચીફ ઓફિસર આર.બી. વેકરિયા, ભુપતભાઈ બસિયા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, જગદીશ વાવડીયા, રમેશભાઈ સાંગડિયા, ધર્મશભાઈ વાવડીયા, દેવશીભાઈ મારૂ, મુકેશભાઈ ખોખરીયા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, કપિલભાઈ ચોવટિયા, ભરતભાઈ રંગપરા સહિતના નગરપાલિકા સભ્યો સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## પાના ૧ ઉપરનું ચાલું બે બાઈક ધડાકાભેર અથડાયા

ઘટનાસ્થળે પહોંચી ઘાયલ બંને વ્યકિતઓને સારવાર માટે ખસેડયા હતા. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા પોલીસ કર્મી તથા અન્ય બાઈક ચાલકની સ્થિતિ ગંભીર હોવાને કારણે તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતા સાવરકુંડલા રૂરલ પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બન્ને બાઈક ઝડપથી આવી રહી હતી અને સામે–સામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સ્થળે લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી અને થોડો સમય ટ્રાફિકમાં વિક્ષેપ પણ સર્જાયો હતો.

પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે કે અકસ્માત કઈ રીતે થયો અને કોણ જવાબદાર છે. હાલમાં બંને ઈજાગ્રસ્તોને યોગ્ય સારવાર મળી રહે તે માટે તંત્ર પ્રયત્નશીલ છે.

આ દુર્ઘટના બાદ વિસ્તારમાં ચર્ચાનો માહોલ છવાઈ ગયો છે. ખાસ કરીને અકસ્માતમાં પોલીસ કર્મી પણ સામેલ હોવાને કારણે ઘટનાને લઈને લોકોમાં ચકચાર મચી છે. સ્થાનિક લોકોનો પણ દાવો છે કે આ વિસ્તારમાં વાહનચાલકો વારંવાર ઝડપથી વાહન દોડાવતા હોવાથી અકસ્માતોની શકયતા વધી જાય છે.

વહીવટી તંત્ર દ્વારા વાહનચાલકોને સાવચેતી રાખવા તથા ઝડપ નિયંત્રણમાં રાખવા માટે અપીલ કરવામાં આવી રહી છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલા પંથકમાં ભારે વરસાદથી

પ્રવાહથી પ્રભાવિત થયા છે.

પીપાવાવ પોર્ટ નજીકના સૂનીલો વિસ્તારનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં એક સિંહ ખાડીના પાણીના પ્રચંડ પ્રવાહમાં ફસાઈ ગયો હતો. વીડિયોમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે કે સિંહ પાણીના મોજાંમાંથી બહાર નીકળવા માટે સતત સંઘર્ષ કરી રહ્યો છે. ભારે પાણીના પ્રવાહ વચ્ચે સિંહના જીવ બચાવવાના પ્રયાસો દિલ દહોળી નાખે એવા હતા.

સદભાગ્યે, થોડા સમય બાદ સિંહ પાણીના પ્રવાહમાંથી સુરક્ષિત રીતે બહાર આવીને સલામત સ્થળે પહોંચી ગયો હોવાની વિગતો સામે આવી છે. વીડિયો વાયરલ થતા જ વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને લોકોમાં ચિંતા સાથે રાહતનો માહોલ જોવા મળ્યો છે.

વનવિભાગે આ બનાવ અંગે નોંધ લીધી છે. અધિકારીઓએ જણાવ્યું છે કે ભારે વરસાદને કારણે દરિયાઈ કાંઠા અને નદીકાંઠા વિસ્તારોમાં વસતા સિંહો પર સતત નજર રાખવામાં આવી રહી છે. પાણી ભરાયેલા વિસ્તારોમાં સિંહોની હિલચાલ વધુ જોવા મળી રહી છે, તેથી તંત્ર સતર્ક છે.

પીપાવાવ પોર્ટના પાણીના પ્રવાહમાં ફસાયેલા સિંહનો વીડિયો વન્યજીવનના સંઘર્ષને ઉજાગર કરે છે અને સાથે જ દર્શાવે છે કે કુદરતી આફતોમાં વનજીવો પણ કેટલા અશકત બની જાય છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૧૧ |
| ૨ | શિંગ મઠડી નવી | ૯૩૦ | ૯૩૦ |
| ૩ | શિંગ મોટી | ૮૪૫ | ૧૦૭૫ |
| ૪ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૪૨૦ |
| ૫ | શિંગાદાણા ફાડા | ૧૦૭૦ | ૧૨૪૫ |
| ૬ | તલ સફેદ | ૧૦૫૦ | ૨૧૨૦ |
| ૭ | તલ કાળા | ૨૪૨૦ | ૪૨૭૦ |
| ૮ | બાજરો | ૪૭૪ | ૪૭૪ |
| ૯ | જુવાર | ૪૯૦ | ૪૯૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૧૯ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૨ | ૫૮૯ |
| ૧૨ | મગ | ૯૧૦ | ૧૪૯૩ |
| ૧૩ | અડદ | ૧૦૪૫ | ૧૩૦૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૧૮૧ |
| ૧૫ | સફેદ ચણા | ૧૧૪૨ | ૧૨૪૨ |
| ૧૬ | તુવેર | ૧૦૨૦ | ૧૧૯૨ |
| ૧૭ | કપાસ | ૮૦૫ | ૧૬૦૬ |
| ૧૮ | એરંડા | ૧૧૭૦ | ૧૨૨૫ |
| ૧૯ | જીરૂ | ૩૨૫૦ | ૩૨૫૦ |
| ૨૦ | રાય | ૧૩૯૫ | ૧૪૫૦ |
| ૨૧ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૨૨ | સોયાબીન | ૭૬૫ | ૮૯૦ |
| ૨૩ | રજકાનુ બી | ૫૩૦૧ | ૭૪૮૦ |
| ૨૪ | વરીયાળી | ૯૯૦ | ૯૯૦ |

## પાના ૧ ઉપરનું ચાલું ૧૧ ખલાસીઓ મધદરિયે લાપતા થયા

મધદરિયેથી બોટ લઈને કાંઠે પરત ફરતા અનેક બોટના મશીનો પર બંધ હોવાથી અન્ય બોટ દ્વારા રેસ્કયુ હાથ ધરી દોરડા બાંધી મધદરિયેથી પ્રાહણ જેવા ઉછળતા મોજા સાથે અને પવનના સુસવાટા વચ્ચે વરસાદી માહોલ સર્જાયો અને દરિયો બન્યો ગાંડોતૂર મસમોટા મોજા ઉછાળતા ૩ બોટની જળસમાધિ પ્રથમ બોટ જાફરાબાદ થી ૧૮ નોટિકલ માઈલ યશવંતભાઈ બારૈયાની જયશ્રી નામની બોટની મધદરિયામા જળસમાધિ લીધી હતી અન્ય બોટ દ્વારા ૫ ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા ૪ ખલાસીઓ લાપતા (૨) જાફરાબાદની દેવકી નામની બોટની પણ મધદરિયે જળસમાધિ લીધી હતી. તે બોટમાં ૧૦ ખલાસીઓ હતા અન્ય બોટ દ્વારા રેસ્કયુ હાથ ધરી ૭ જેટલા ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા છે. તો બીજી બાજુ ગીર સોમનાથ જિલ્લાના રાજપરાની મુરલીધર નામની બોટની પણ મધદરિયામા જળસમાધિ લેતા અન્ય બોટ દ્વારા રેસ્કયુ હાથ ધરી ૫ જેટલા ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા હતા. પરંતુ ૩ બોટના કુલ ૧૧ ખલાસીઓ લાપતા હોવાથી સાગરખેડૂમાં દુઃખની લાગણી ફેલાઈ છે. ભારે તોફાનના કારણે દરિયો ગાંડોતૂર થવાથી અત્યાર સુધીમાં ૩ જેટલી બોટની મધદરિયામા જળ સમાધિ લીધી છે અને ૧૧ જેટલા ખલાસીઓ લાપતા હોવાથી તંત્રમાં પણ દોડધામ મચી ગઈ છે. મધદરિયે વાતવરણ ખરાબના લીધે હેલિકોપ્ટર લાવવું મુશ્કેલ બન્યું છે. જાફરાબાદના માચ્છીમારો દ્વારા ફિશરીઝ વિભાગ અને વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી જેથી તંત્રએ પીપાવાવ કોસ્ટગાર્ડને માહિતી આપી હતી હાલ વાયરલેસ મારફતે માહિતી મંગાવવામાં આવી રહી છે. ઉપરાંત અન્ય માચ્છીમારો દ્વારા પણ શોધખોળ શરૂ કરવામાં આવી છે. ખારવા સમાજના બોટ એસોસિયેશનના પ્રમુખ દ્વારા જણાવ્યું હતું કે મધદરિયેથી ૫૦૦ બોટ જાફરાબાદ બંદરે પરત પહોંચી છે. અન્ય બોટો સાથે વાયરલેસ કરી તેઓને નજીકના બંદરે જતા રહેવા સુચના આપવામાં આવી રહી છે અને પીપાવાવ કોસ્ટ ગાર્ડ સાથે પણ સંપર્ક કરી છે. બોટના લાપતા થયેલા ખલાસીઓની શોધખોળ હાથ ધરવા અને તંત્રને અમારો સાથ સહકાર આપવામાં આવી રહ્યો છે. સ્થાનિક ધારાસભ્ય હીરા સોલંકી સાથે મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ટેલિફોનીક વાત કરી બંદરની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. વહેલી સવારથી જીલ્લા કલેકટર તથા પોલીસ અધિક્ષક સંજય ખરાત તથા ફિશરીઝ વિભાગ કોસ્ટ ગાર્ડ પણ જાફરાબાદ બંદરે આવી પહોંચ્યા હતા અને સાગરખેડૂઓ સાથે બેઠક યોજી હતી અને મધદરિયે બાકી રહેલી બોટો પરત બોલાવી લેવા તથા જે મધદરિયે લાપતા ખલાસીઓની શોધખોળ હાથ ધરવા વહીવટી તંત્રને આદેશ આપવામાં આવ્યા છે. જીલ્લા કલેકટર દ્વારા લાઈટ હાઉસ તથા બંદરની જેટી સુધી અને માચ્છીમારો સાથે વાતચીત કરવામાં આવી હતી. ત્યાંથી તેઓ શિયાળ બેટ જવા નીકળ્યા હતા. કોળી સમાજ બોટ એસોસિયેશનના પ્રમુખ દ્વારા જણાવ્યું હતું કે અમે જેટી પર એકઠા થયા છીએ અને અમારા કોળી સમાજની બે બોટ દરિયાના મોજાથી પલટી મારી જતાં બોટમાથી પાંચ વ્યકિતઓને અન્ય બોટ દ્વારા રેસ્કયુ કરવામાં આવ્યું છે. બીજી બોટ દેવજીભાઈની બોટમાંથી ૭ ખલાસીઓનું રેસ્કયુ કરવામાં આવ્યું છે. ૧૨ જેટલા ખલાસીઓને બચાવી લેવામાં આવ્યા છે. હાલ મધદરિયે કરંટ હોવાથી અને દરિયામાં વાતાવરણ ખરાબ હોવાને કારણે રેસ્કયુ થઈ શકે તેમ નથી. પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા બંદરની જેટી પર જઈને સાગરખેડૂઓ સાથે વાતચીત કરી મધદરિયે વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી તથા મધદરિયે ખલાસીઓ લાપતા હોવાથી અને દુઃખદ ઘટના ઘટી હોવાથી સાગરખેડૂઓમા પણ દુઃખનું મોજું ફરી વળ્યું છે. ગંભીર ઘટના ઘટતા વહીવટી તંત્ર દોડતું થયું છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૯૦૦ | ૧૦૨૯ |
| ૨ | શીંગ દાણા | ૧૨૦૦ | – |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૨૬ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૪૧૫૧ |
| ૫ | જીરૂ | – | ૩૫૦૧ |
| ૬ | કપાસ | ૧૨૦૧ | – |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૫ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૪૮૦ |
| ૧૦ | જુવાર | ૩૦૦ | ૫૦૦ |
| ૧૧ | મગ | ૧૪૦૦ | ૧૫૧૦ |
| ૧૨ | અડદ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૨૧૫ |
| ૧૫ | મેથી | ૭૫૫ | – |
| ૧૬ | ધાણા | ૭૦૦ | ૮૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અતિભારે વરસાદની આગાહી

પાકને નવું જીવનદાન મળવાની આશા છે. ખાસ કરીને મગફળી, કપાસ અને ધાનના પાકને સિંચાઈ રૂપે ફાયદો થશે.

તેથી નગરજનોને પણ સતર્ક રહેવાની હવામાન વિભાગે સલાહ આપી છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની શક્યતા છે, સાથે સાથે ગ્રામ્ય વિસ્તારોમાં આવજા માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે. નદી–નાળા નજીક રહેતા લોકોને સાવચેતી રાખવા સૂચના અપાઈ છે.

સામાન્ય રીતે રાજયમાં વરસાદની ગતિવિધિ ૨૫ ઓગસ્ટ સુધી યથાવત્ રહેશે એવી સ્પષ્ટતા વિભાગે કરી છે. એટલે કે આગામી બે દિવસ રાજયના મોટાભાગમાં વરસાદી માહોલ રહેશે અને ક્યાંક ભારેથી અતિભારે વરસાદ વરસવાની પૂરેપૂરી સંભાવના છે.

## પાના ૮ ઉપરનું ચાલું માચ્છીમારોનાં પરિવારોનો આક્રંદ

સોલંકીએ પરિવારને આસન આપ્યું કે સરકાર અને તંત્ર દ્વારા દરિયામાં લાપતા થયેલા ખલાસીઓની શોધખોળ માટે સતત પ્રયત્નો ચાલી રહ્યા છે. ખરાબ હવામાનને કારણે કામગીરી ધીમી પડી છે છતાં દરિયાઈ રેસ્કયુ ટીમો હવાઈ અને દરિયાઈ માર્ગે બચાવ અભિયાન ચલાવી રહી છે.

વિપુલના મામા કિશોરભાઈએ જણાવ્યું કે, અમે તંત્ર પાસે એક જ વિનંતી કરીએ છીએ કે આપણા દીકરાની શોધખોળ ઝડપથી થાય. પરિવાર આખો રાત–દિવસ બંદરે નજર ગોઠવીને બેઠો છે.

જાફરાબાદ બંદર પર લાપતા ખલાસીઓના પરિવારજનોની વ્યથા અને આક્રંદે હૃદયસ્પર્શી દ્રશ્યો સર્જ્યાં છે. દરિયામાં લાપતા પ્રિયજનોની સુરક્ષિત વાપસી માટે પરિવારજનોની આંખો રાહ જોઈ રહી છે.

## પાના ૮ ઉપરનું ચાલું ૨૦ વર્ષની સજાનો હુકમ

૧૩/૭/૨૪ના રોજ સાંજે ટયુશનમાંથી પોતાની સાયકલ લઈ અને પોતાના ઘરે પરત આવી રહી હતી ત્યારે લાઠી ગામે મેઈન બજારમાંથી પસાર થતી હતી ત્યારે લાઠી ગામે રહેતા આરોપી રોહિત અશોકભાઈ સોલંકીએ તે વિદ્યાર્થીનીને રસ્તામાં રોકી વિદ્યાર્થીનીને મોબાઈલ ફોન આપવાની કોશિષ કરી અને આ વિદ્યાર્થીનીનો હાથ પકડી છેડતી અને જાતિય સતામણી કરી અને તેણીનો પીછો કરતાં આ આ બનાવ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ બનાવ અંગેનો કેસ અમરેલીની સ્પે. પોકસો અને ચોથા એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની ધારદાર દલીલના આધારે સ્પે. જજ ડી.એસ. વાસ્તવ દ્વારા આરોપી રોહિત અશોકભાઈ સોલંકીને ભારતીય દંડ સહિત કલમ ૭૫–૭૮ તથા પોકસો કલમ ૧૨ ના ગુન્હામાં કસુરવાર ઠરાવી આરોપીને ૨ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજારના દંડની સજાનો હુકમ કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારોમાં

હોય તેવા દશ્યો આવ્યા સામે આવ્યા છે. જાફરાબાદના વઢેરા રોડ પર સોસાયટીઓમાં વરસાદી પાણી ભરાયા હોવાનું જાણવા મળેલ છે. જયારે જાફરાબાદની વિવેકાનંદ સોસાયટીના નીચાણવાળા રહેણાંકી મકાનોમાં પાણી ઘૂસ્યા છે. આજે જાફરાબાદમાં વધુ ૨ ઈંચ વરસાદ પડયો છે.

રાજુલા પંથકમાં ગઈકાલ રાતથી શરૂ થયેલ વરસાદ આજે શરૂ રહેતા સવારે ૬ વાગ્યાથી સાંજે ૮ વાગ્યા સુધીમાં સવા ચાર ઈંચ પડયો છે.

અમરેલી જિલ્લાના લાઠી પંથકમાં પણ વ્હેલી સવારથી મેઘાવી માહોલ જામ્યો છે. લાઠી શહેર સાથે ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદ શરૂ રહેતા માર્ગો ઉપર પાણી વહેતા થયા છે.

આજે સવારે ૬ વાગ્યાથી રાત્રે ૮ સુધીમાં કુંકાવાવમાં ૨૪ મી.મી., બાબરામાં ૧૫ મી.મી., લાઠીમાં ૫૭ મી.મી., લીલીયામાં ૪૬ મી.મી., અમરેલીમાં ૩૫ મી.મી., બગસરામાં ૩૮ મી.મી., ધારીમાં ૨૮ મી.મી., સાવરકુંડલામાં ૫૫ મી.મી., ખાંભામાં ૨૦ મી.મી., જાફરાબાદમાં ૫૨ મી.મી. તથા રાજુલામાં ૧૦૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૦૮ |
| ૩ | સોયાબીન | ૮૨૫ | ૮૪૦ |
| ૪ | તલ કાળા | ૨૮૫૫ | ૩૦૪૦ |
| ૫ | શીંગફાડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૬ | ચણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૭ | તલ સફેદ | ૧૩૯૦ | ૧૭૬૫ |
| ૮ | મગફળી | ૭૮૦ | ૭૮૦ |
| ૯ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૦ | તુવેર | ૧૮૦૦ | ૧૮૦૦ |

## ધારાસભ્ય જનક તળાવીયાની જહેમત રંગ લાવી

# બાબરા : લાલકા ગામે DMF ગ્રાન્ટમાંથી ૧.૩૧ કરોડનાં થશે વિકાસ કાર્યો

### પીવાના પાણી સહિતની વ્યવસ્થા કરાશે

અમરેલી, તા. ૨૦

લાઠી–બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા બાબરા તાલુકાના લાલકા ગામે ડિસ્ટ્રિકટ મિનરલ ફાઉન્ડેશન (ડીએમએફ)ની ગ્રાન્ટમાંથી ૧ કરોડ ૩૧ લાખના વિવિધ વિકાસ કામો મંજૂર કરાવવામાં આવ્યા છે. આ ગ્રાન્ટનો ઉદ્દેશ્ય ખાણકામ પ્રવૃત્તિઓથી પ્રભાવિત વિસ્તારોમાં વિકાસ અને સુખાકારી સુનિશ્ચિત કરવાનો છે.

આ ભંડોળનો ઉપયોગ ગામની પ્રાથમિક જરૂરિયાતોને સંતોષવા માટે કરવામાં આવશે. મંજૂર થયેલા કામોમાં નીચેના મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે :

ગામમાં શુદ્ધ અને પૂરતું પીવાનું પાણી મળી રહે તે માટેના પ્રોજેકટસનો સમાવેશ થાય છે., શાળાઓમાં સુવિધાઓ સુધારવા અને શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે કામો હાથ ધરવામાં આવશે., મહિલા અને બાળકલ્યાણ: મહિલાઓ અને બાળકોના કલ્યાણ માટેની વિવિધ યોજનાઓ અને સુવિધાઓ માટે ભંડોળ ફાળવવામાં આવ્યું છે., સ્વચ્છતાને લગતા કામો : ગામમાં સ્વચ્છતા જાળવવા અને આરોગ્ય સુધારવા માટે સ્વચ્છતા સંબંધિત પ્રોજેકટસ અમલમાં મૂકાશે., રસ્તા, ગટર વ્યવસ્થા અને અન્ય જરૂરી માળખાકીય સુવિધાઓના નિર્માણ અને સુધારણા માટે આ ગ્રાન્ટનો ઉપયોગ થશે.

## મિચ્છામિ દુકકડમ



મિચ્છામિ દુકકડમ
કરવા ખાતરના આ કાજ કરજો
કરવાં ખાતરના આ કાજ કરજો
સાચે સાચું જ સૌને માફ કરજો
દુભાવ્યા હોય તેને અશ્રુથી ધોઈ
એ રીતે નિજ હૃદયને સાફ કરજો
જીતવાં જેવું દિલ જ છે આ જગમાં
સરળ સહજ બની ત્યાં રાજ કરજો
માફી આપવી એ તો છે વિરનું કામ
માફી માંગી મહાવીર રિવાજ કરજો
જે કર્મની માફી માંગી કર્મ તે ત્યજજો
રાગ, દ્રેષ, મોહ, મત્સરથી લાજ ભરજો
જાણતાં સાથે અજાણતાંય થાય પાપ
ક્ષમા માંગી અશુભોને તારાજ કરજો
મિચ્છામિ દુકકડમનો આજીવન અમલ
આચરણ થકી સદા આ જાપ કરજો

–મિતલ ખેતાણી
(મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ચણા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૨ | તલ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૩ | સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૫૦ | ૧૬૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૨૫ | ૧૫૪૦ |
| ૩ | મગફળી | ૧૦૨૦ | ૧૦૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૫ | ૧૮૩૫ |
| ૫ | ઘઉં | ૪૬૫ | ૫૦૫ |

# અમરેલી જિલ્લામાં મચ્છર ઉત્પતિ અટકાવવા જનજાગૃતિ પ્રસરાવવામાં આવી






તા.૨૦ ઓગસ્ટના રોજ વિશ્વ મચ્છર દિવસની ઉજવણી હાથ ધરવામાંઆવેછે.આઅંતર્ગતઅમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા દ્વારા અમરેલી જિલ્લાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આઈ.ઈ.સી. (જાજાગૃત્તિ) પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ. મચ્છરથી, મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકુનગુનિયા, હાથીપગો અને ઝીકા વાયરસ જેવા રોગોનોફેલાવોથાયછે.આપણાઘરઅને ઘરનીઆસપાસજમાથતાંચોખ્ખા,ખુલ્લા અને બંધિયાર પાણીમાં મચ્છર તેના ઈંડા મૂકે છે. મચ્છરના ઈંડામાંથી પોરા, પોરામાંથી કોશેટો અને કોશેટામાંથી મચ્છર બને છે. મચ્છરના લીધે અનેકને મચ્છરજન્ય રોગ થાય છે. નાગરિકોના સાથ, સહકાર અને સમજ તેમજ નિયત પ્રવૃત્તિઓવિનામચ્છરનિયંત્રણઅશક્ય જેવી બાબત છે. ગામ, શેરી, મહોલ્લા, સોસાયટીના રહીશો, ગામ આગેવાનો, વેપારીઓ, ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ તમામે મચ્છર ઉત્પત્તિ નિવારણ માટે જાગૃત્ત થવાની આવશ્યકતા છે. ઘરની અગાસી, છત, છાપરા કે છાપરા પર પડ્યો રહ્યો હોય તેવો સામાન, જૂના ટાયર, વણવપરાશના તૂટ્યા-ફૂટ્યા વાસણ, ભંગારનો માલ સામાન હોય છે તેમાં પાણી ભરાઈ અને તેના લીધે મચ્છર ઉત્પત્તિ થાય છે તેના કારણે મચ્છરજન્ય રોગ થાય છે આથી વધારાના વણઉપયોગી આવા સામાનનો નિકાલ કરવો અનિવાર્ય છે. ઘરની આસપાસ ક્યાંય પાણી ભરાયેલું ન રહે એની કાળ જીલેવી. પાઈપલાઈનકેગટરલીકેજહોય તો તરત તેનું સમારકામ કરવું, ગામના અવેડા, હોજ, ખુલ્લા સંપ, સિમેન્ટ ટાંકીઓમાં પોરા ભક્ષક ગપ્પી માછલી મૂકવી. જાહેર બાગ-બગીચા, ધાર્મિક સ્થાનક, બસ સ્ટેન્ડ, શાળા, કોલેજ સહિતના સ્થળોએ વિશેષ સાફસફાઈ રાખવી. આવા સ્થળોએ પાણી ભરાયેલું નરહે તેની કાળજી લેવા સહિતના પગલા અનુસરવા. મચ્છરના ડંખથી પણ બચવાના ઉપાયો કરવા પણ જરૂરી છે. શરીર સંપૂર્ણ રીતે ઢંકાય એવા કપડા પહેરવા, હવાઉજાસવાળાવાતાવરણમાં રહેવું, સૂર્યોદયઅનેસૂર્યાસ્તસમયેઘરના બારી દરવાજા બંધ રાખવા, ઘરના બારી બારણામાંમચ્છરજાળીલગાવવી, ઘરમાં સવાર-સાંજ લીમડો અને અન્ય ઔષધિયધૂપઅનેધુમાડોકરવો. કાયમી ધોરણેમચ્છરદાનીમાંસૂવાનીટેવરાખવા સહિતની બાબતો મચ્છરથી બચવાના ઉપાયો પૈકીની છે. મચ્છર ઉત્પત્તિ અટકાવવી અને મચ્છરજન્ય રોગથી બચાવની તકેદારીઓ રાખવાથી ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા જેવા રોગથી બચી શકાય છે. અમરેલી જિલ્લાના નાગરિકોને વાહકજન્ય રોગોની અટકાયત અને નિયંત્રણ માટે સહકાર આપવા અમરેલી જિલ્લા આરોગ્ય તંત્રે એક અખબારી યાદીમાં અપીલ કરી છે.

### જયાં તપસ્વીઓની સેવા થાય છે તેવા

## અમરેલીનાં સારહિ તપોવન આશ્રમ ખાતે ૭૯માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી

### શ્રીમતી સેજલબેન સંઘાણીનાં વરદહસ્તે ધ્વજ વંદન કરાયું



અમરેલી, તા. ૨૦

અમરેલી ૭૯માં સ્વતંત્રતા પર્વની ઉજવણી સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમ ખાતે શ્રીમતી સેજલબેન મુકેશભાઈ સંઘાણીના વરદહસ્તે રાષ્ટ્રીય ધ્વજ (તિરંગો) ફરકાવવામાં આવ્યો.

આ અવસરે અમર ડેરીના ચેરમેન અનિભાઈ સાવલિયા, ગુજરાત પ્રદેશ ભાજપ મીડિયા પ્રવકતા શૈલેષભાઈ પરમાર, ગુજરાત પ્રદેશ ભાજપ મહિલા મોરચા મંત્રી ભાવનાબેન ગોંડલીયા, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતીભાઈ પાનસુરીયા, સારહી યુથ ક્લબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, ખજાનચી સુરેશભાઈ શેખવા, અમર ડેરીના મેનેજિંગ ડાયરેકટર ડો. આર.એસ. પટેલ, જનરલ મેનેજર ધાર્મિકભાઈ રામાણી, મંત્રભાઈ સંઘાણી, ધર્મેશભાઈ ગોંડલીયા, જસપાલભાઈ શેખવા, સારહિ તપોવન આશ્રમના તપસ્વીઓ તથા સ્ટાફગણ સહિત ઉપસ્થિત રહેલ.

### આગામી શનિ-રવિમાં મહાકુંભ રદ

## અમરેલી જિલ્લામાં વરસાદી સ્થિતિને પગલે કલા મહાકુંભ સ્પર્ધા મોકુફ રખાઈ


### સ્પર્ધાની નવી તારીખો ફરી નક્કી કરાશે

અમરેલી, તા.૨૦

ગાંધીનગર યુવક સેવા અને સાંસ્કૃતિકપ્રવૃત્તિઓનાઉપક્રમેઅમરેલી જિલ્લા યુવા વિકાસ કચેરી અને અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીદ્વારાઓગસ્ટ-૨૦૨૫નીતા.૨૩ અને ૨૪ દરમિયાન અમરેલી સ્થિત કે.કે. પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય ખાતે જિલ્લાકક્ષા કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૫-૨૬ યોજાનાર હતી. વરસાદની હાલની સ્થિતિને પગલે જિલ્લાકક્ષા કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૫-૨૬ મોકૂફ રાખવામાં આવી છે.

સ્પર્ધાની નવી તારીખો ફરી નક્કી થયેથી સંબંધિતોને જાણ કરવામાં આવશે, તમામ સ્પર્ધકોએ તે અંગેની નોંધ લેવા અમેરલી જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યુ છે.

## હોકી ગુજરાતમાં આગામી ૪ વર્ષ માટે હોદ્દેદારોની વરણી



અમરેલી, તા. ૨૦

સ્પોટર્સ કોમ્પલેક્ષ માંજલપુર વડોદરાના કોન્ફરન્સહોલ ખાતે યોજાયેલ હોકી ગુજરાતની એન્યુઅલ જનરલ મીટીંગ તેમજ વર્ષ ૨૦૨૫થી૨૦૨૯માટેહોદેદારોનીસભા સવારે ૧૧ કલાકે શરૂ થયેલ હોકી અમરેલીના સેક્રેટરી આઈ.પી. બારડે પધારેલમહેમાનોનુંશાબ્દિકસ્વાગતમાં સૌ પ્રથમ રીંટનીગ ઓફીસર જીતેન્દ્ર બ્રહમક્ષત્રિય, હોકી ઈન્ડીયાના ઓબઝરવ મનોજ ભોંરે, ગુજરાત સ્ટેટ ઓલિમ્પિકએસોસીએશનનાનિરીક્ષક તુષાર અરોઠે, ગુજરાત સ્ટેટ ઓલિમ્પિક એસો.ના જનરલ સેક્રેટરી આઈ.ડી. નાણાંવટીનો પરિચય કરાવ્યો હતો. અને પૂષ્પગુચ્છ અર્પણ કરેલ હોકી ગુજરાતના પ્રમુખ આર.વી. શેલારે જણાવેલ કે આપ સૌના સહકારથી ૪ વર્ષમાટેમેકાર્યકરેલત્યારબાદરીંટનીગ ઓફીસર જીતેન્દ બ્રહમક્ષત્રિયે ચુંટણી પ્રકીયાનો પ્રારંભ કરતા જણાવેલ કે નોમીનેશન ફોર્મ ચકાસતા હોકી ગુજરાતની આખી બોડી બિનહરીફ જાહેર કરવામાં આવે છે. જેમા પ્રમુખ આર.વી. શેલાર (વડોદરા), જનરલ સેક્રેટરી વિજય કરપે (અમદાવાદ), સીનીયર વાઈસ પ્રેસીડન્ટ આઈ.પી. બારડ (અમરેલી), વાઈસ પ્રેસીડન્ટ મહેશ દિવેચા (રાજકોટ) તથા કૌશિક બીડીવાલા (સુરત), જોઈન્ટ સેક્રટરી રાજદીપસિંહ પરમાર (બનાસકાઠા ) તથાચંપારાઠવા (છોટાઉદેપુર), ટ્રેઝરર સીમાઅભાલે (વડોદરા), એકઝ્યુકેટીવ મેમ્બર વિજય પાટીલ (તાપી), ભાવીન પટેલ (વલસાડ), તુ ધીંગાણી (રાજકોટ)ની નિમણુંકને સભામા ઉપસ્થિત તમામ જિલ્લાના સભ્યોએ માન્ય રાખી તાલીઓના નાદથી અભિવાદન કરેલ. સભાનું સફળતા પૂર્વકસંચાલનતથાઆભારવિધિહોકી ગુજરાતના સીનીયર વાઈસ પ્રેસીડન્ટ આઈ. પી. બારડે કરેલ તેમ હોકી અમરેલીના ટ્રેઝરર બળદેવસિંહ ગોહિલની યાદી જણાવે છે.

## ચલાલા : જુના સાઈનાથ મંદિરે શ્રાવણ માસ નિમિતે ''દીપમાળા'' આરતીના દર્શન

ચલાલા, તા. ૨૦

ચલાલામાં ધારી રોડ ઉપર રેલવેફાટકપાસેઆવેલ જુનાસાઈનાથ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ ભગવાનની ભવ્યથી ભવ્ય 'દીપમાળ' આરતીનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. આ 'દીપમાળ' આરતી દર્શનનો બહોળી સંખ્યામાં ભાવિક ભક્તજનો લાભ લઈ રહ્યા છે. આ 'દિપમાળ' આરતીમાં જુદા જુદા દાતાઓ તરફથી સારો એવો સહકાર અને સહયોગ મળી રહ્યો છે. અહીંયા દર ગુરૂવારે ખીચડી પ્રસાદનું પણ મોટું આયોજન થાય છે. જેમાં બોળી સંખ્યામાં બહેનો લાભ લઈ રહ્યા છે. તેમજ આ મંદિરમાં જરૂરીયાતમંદ લોકોને માટે રાહતદરે ભોજન પ્રસાદની પણ સારી એવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ મંદિરમાં અનેક સેવા કાર્યો થઈ રહ્યા છે.



મંદિરના પૂજારી કલ્પેશભાઈ ગૌસ્વામી અને આ મંદિરના મુખ્ય સંચાલક મથુર સાંઈ કાકડીયા સારી એવી જહેમત ઉઠાવી રહ્યા છે. ચલાલા પંથકના બોળી સંખ્યાના ભાવિક ભક્તજનો આ મંદિરના સેવા કાર્યને લાભ લઈ રહ્યા છે.

## ભ્રષ્ટાચારથી જનતાનું નુકસાન

અમરેલી, તા. ૨૦

છાપાઓમાં રોજે રોજે સરકારના કૌંભાડો, લાંચ રીત, ભ્રષ્ટાચારના સમાચારો વાંચવા મળે છે, સરકારની યોજનાઓ અને અને સરકારની કામગીરીમાં અનેક પ્રકારના ભ્રષ્ટાચારની વાતો સતત સાંભળવા મળે છે આ ભ્રષ્ટાચાર અને કૌંભાડો કરોડો અને અબજો રૂપીયાના હોય છે.

રાજકારણીઓ, અધિકારીઓ, દલાલો, કોન્ટ્રાકટરો, ઉદ્યોગપતિઓની ગોઠવાયેલી સાંકળો પ્રજાની અબજો રૂપીયાની તીજોરીઓને નીતિ નિયમોથી લૂંટતા હોય છે, સામાન્ય માણસે ફકત કરવેરાઓ ભરવાના અને મતદાન કરવાનું હોય છે પ્રજાની સાર્વજનીક મિલ્કતો અને કરવેરાના અબજો રૂપીયામાંથી ભ્રષ્ટાચારીઓ શ્રીમંત બની રહ્યા છે.

સરકારના નાના મોટા દરેક કૌંભાડ અને ભ્રષ્ટાચારની સીધી અસર સામાન્ય નાગરીકના માથે આવી રહી છે પણ જનતા સમજવા અને સત્ય સ્વિકારવા તૈયાર નથી, કોઈ વ્યકિત પાસે ૧૦૦૦ રૂપીયા માંગશો તો નહી આપે, ત્યારે માણસ રૂપીયાની મુલ્યતા ગણે છે ત્યારે ૧૦૦૦ રૂપીયાની કિંમત સમજે છે પણ દરેક ચીજ વસ્તુ ઉપર વસુલાતા સરેરાશ ૧૫ ટકા કરવેરાના લાખો રૂપીયા સરકારની તીજોરીમાં ભરાતા રહે અને કરોડો નાગરીકોના કરવેરાના અબજો રૂપીયાથી સરકારમાં સતત કરોડોના કૌંભાડોમાં પોતાના કરવેરાના પૈસા પણ



ભ્રષ્ટાચારીઓ મફતમાં ખાય જાય છે તેની કોઈને કિંમત નથી કોઈને મુલ્યતા નથી.

એક તરફ માણસ વધુને વધુ કમાણી કરીને વધુને વધુ બચત કરવા માટે ખુબ કાળજી રાખે છે, પૈસા કમાવા અને બચાવવા માટે ખુબ બુદ્ધિ ચલાવે છે પણ પોતાના લાખો રૂપીયા સરકારમાં કરવેરા તરીકે જમા થતા હોય છે તે રૂપીયાનો પુષ્કળ ભ્રષ્ટાચાર થતો હોય છે તે જાણવા-સમજવા કોઈની બુદ્ધિ ચાલતી નથી અથવા તો સરકારમાં જમા થતા પૈસાના અબજોના કૌંભાડોથી પોતાને વ્યકિતગત અને કુટુંબને થતા લાખો રૂપીયાના નુકસાનની કોઈ ગણતરીઓ માંડવામાં આવતી નથી.

સરકારમાં થતો દરેક પ્રકારનો ભ્રષ્ટાચાર અને મોટા આર્થીક કૌંભાડોથી દરેક નાગરીકને સીધુ લાખો રૂપીયાનું નુકસાન થઈ રહ્યુ છે તે સમજવાની અને સ્વિકારવાની સાથે સાથે ભ્રષ્ટાચાર અને કૌંભાડો કરનારી રાજકીય સંસ્થાઓને મતદારોએ કોઈપણ લોભ-લાલચમાં આવ્યા વિના સતાથી દૂર રાખવા જોઈએ.

## જાફરાબાદ બંદર ખાતે સિગ્નલ નં. 3 ફરકાવવામાં આવ્યું

અમરેલી, તા. ૨૦

ગુજરાત મેરિટાઈમ બોર્ડ, ગાંધીનગરની વડા કચેરીના કંટ્રોલ રૂમ દ્વારા આપવામાં આવેલી તાજેતરની સૂચના મુજબ આજે તા.૨૦/૮/૨૦૨૫ નારોજ બપોરે ૨:૪૦ કલાકે જાફરાબાદ બંદર ખાતે સિગ્નલ નં. ૩ લગાડવામાં આવ્યું છે.

આ સંકેત દરિયામાં ઊભી થયેલી હવામાનની અપ્રિય પરિસ્થિતિન ધ્યાનમાં રાખીને આપવામાં આવે છે. છેલ્લા કેટલાક દિવસથી સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠે ભારે વરસાદ અને તોફાની પવન ચાલુ હોવાથી દરિયો પ્રચંડ ઉછળ્યો છે. ખાસ કરીને અમરેલી જિલ્લાના દરિયાકાંઠે છેલ્લા બે દિવસમાં અનેક બોટ દુર્ઘટનાઓ સર્જાઈ છે. આવી પરિસ્થિતિ વચ્ચે જાફરાબાદ બંદર પર તંત્રએ સિગ્નલ નં. ૩ ફરકાવતાં માછીમારોને દરિયામાં ન જવાની ચેતવણી આપવામાં આવી છે.

સંબંધિત તમામ વ્યવસ્થા જાફરાબાદ લાઈટ હાઉસ ખાતે સુનિશ્ચિત કરવામાં આવી છે. બંદર અધિકારીઓએ જણાવ્યું છે કે માછીમારો તેમજ દરિયાકાંઠાના લોકો સુરક્ષા અંગે સતર્ક રહે. હાલમાં સમુદ્રમાં ઊંચા મોજાં અને તેજ પવન હોવાથી જાફરાબાદ કાંઠે ખાસ સાવચેતી રાખવાની જરૂર છે.

તંત્રની ચેતવણી સાથે જાફરાબાદ બંદર વિસ્તારમાં ચિંતા વ્યાપી છે અને માછીમારોને કડક સુચના આપવામાં આવી છે કે તેઓ હાલ દરિયામાં ન ઉતરે.

### યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

## અમરેલી ખાતે એ.ડી.સી.યુ. હાટ પ્રદર્શની અને વેચાણ મેળાનો શુભારંભ કરાયો

### જુદી-જુદી ૨૫ વેરાયટીના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા



અમરેલી, તા. ૨૦


અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષભાઈ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી ગાયત્રી મંદિર ચિતલ રોડ ખાતે અમરેલી જિલ્લા સહકારી સંઘ અને નારી ફેશનના સંયુક્ત ઉપક્રમે ચાર દિવસીય એડીસીયુ હાટ પ્રદર્શની અને વેચાણ મેળાનો શુભારંભ કરવામાં આવ્યો.

આ પ્રદર્શનમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ તેમજ શિક્ષણ સમિતિના અધ્યક્ષ તુષારભાઈ જોષી, અમરેલી જિલ્લા સહકારી સંઘની યુવા સમિતિના અધ્યક્ષ જીગ્નેશભાઈ રામાણી, યુવા સમિતિના ડાયરેક્ટર રવિભાઈ પંડ્યા અમરેલી જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ભાર્ગવભાઈ ત્રિવેદી, નગરપાલિકાના પૂર્વ અધ્યક્ષ અલ્કાબેન ગોંડલીયા ઉપસ્થિત રહ્યા હતા. જયારે આ કાર્યક્રમમાં ૨૫ જેટલા જુદી જુદી વેરાયટીના સ્ટોર નાખવામાં આવે છે. જે તા. ૨૦.૮.૨૦૨૫ થી લઈ ૨૩.૮.૨૦૨૫ ચાર દિવસ સુધી બહેનો દ્વારા આ હાર્ટમાં પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે.

જયારે યુવા નેતા દ્વારા શુભારંભ પ્રસંગે જણાવ્યું હતું કે આપણા જિલ્લાની બહેનો દ્વારા ઘરે બેઠા કામ કરતી બહેનોની આ પ્રદર્શન અવશ્ય મુલાકાત લેવી જોઈએ અને આ ઘરે બેઠા કામ કરતા બહેનોને પ્રોત્સન કરવા જોઈએ જેથી આપણા પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીનું સૂત્ર લોકલ ફોર વોકલ સાર્થક કરી શકીએ.

જયારે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા સંઘના સી.ઈ.આઈ. સાગરભાઈ મહેતા, રૂપલબેન ડાભી, રાજશ્રીબેન ઝાલા, પૂર્વીબેન ગોહિલ, ભીખુભાઈ ડાભી, જીતુભાઈ ભંડોરીયા, મયુરભાઈ ખાનપરા, જીગ્નેશભાઈ દાફડા, ભાવેશભાઈ વાડોદરિયા દ્વારા ભારે જેહમત ઉઠાવી હતી.

## અમરેલી : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જુદા જુદા ગામે ખેડૂતોની મુલાકાત કરવામાં આવી



અમરેલી, તા. ૨૦

જુનાગઢ કૃષિ વિ વિદ્યાલય સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા તા. ૧૯/૮/૨૦૨૫, મંગળવારનાં રોજ NMOOP પ્રોજેકટ અંતર્ગત જુદા જુદા ગામો જેવા કે પીથવડી, રૂગનાથાપુર, હેમાળ તથા ઈંગોરાળા ગામે પ્રગતીશીલ ખેડૂત મિત્રોની મુલાકાત તેમજ ફિલ્ડ વિઝીટ કરી ખેડૂતોને પુરતું માર્ગદર્શન આપ્યું.

ખેડૂતોને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા મગફળીના જીજેજી -૩૨ બિયારણ તેમજ જૈવિક કલ્ચર (પીએસબી કલ્ચર), બ્યુવેરીયા અને ટ્રાઈકોડર્મા પાવડર આપવામાંઆવેલાખેડૂતોનાખેતરમાંપરિક્ષણ કરી આ તબક્કે વિશેષ માર્ગદર્શન આપી માહિતગાર કરવામાં આવ્યા. કેવીકે પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂતોને નિદર્શન માટે આપવામાં આવેલ દિવેલા જીસીએચ-૯ અને સોયાબીનવેરાઈટીજીજેએસ-૪ખેતરની પણ મુલાકાત લીધી. પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતીશીલ ખેડૂતોને આ ખેતીથી થતા ફાયદાઓવિષેજણાવ્યું. કૃષિવિજ્ઞાનકેન્દ્રના વડા ડો. મીનાક્ષી કે. બારીયા તથા વૈજ્ઞાનિક ડો. વી. એસ. પરમાર અને ડો. તાબેન એ. પટેલદ્વારાખેડૂતોનેખેતીલક્ષીવિવિધબાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુંહતું.

### શ્રી મોગલ મા માનવ સેવા ટ્રસ્ટ દ્વારા

## ચલાલામાં ૪૫માં સર્વજ્ઞાતિય સમુહલગ્ન યોજાશે

### તુલસી વિવાહ સાથે ભવ્ય આયોજન કરાયુ

ચલાલા, તા. ૨૦

દાનમહારાજની પાવન ભુમી ચલાલાને આંગણે ૪૫માં સર્વજ્ઞાતિય સમુહલગ્નનુ આયોજન તુલસી વિવાહની સાથે તા. ૧૦/૧૧/૨૫ના રોજ થયેલ છે. આ સમુહલગ્નમાં જોડાવા માટે સરકારના નિયમો મુજબ દિકરાની ઉંમર ૨૧ વર્ષ પુરા દિકરીની ઉંમર ૧૮ વર્ષ પુરા હોય એ જ વાલીઓએ સંપર્ક કરવો.

આ સમુહલગ્નમાં જોડાવા દિકરા દિકરી જન્મ તારીખના દાખલા, રેશનકાર્ડ, આધારકાર્ડ, ચુંટણીકાર્ડ બધાની ઝેરોક્ષ અને વર-કન્યાના પાસપોર્ટ સાઈઝના બે-બે ફોટાઓ લયને વર-કન્યા અને તેના વાલીઓએ ફોર્મ ભરવા માટે ચલાલા રૂબરૂ આવવાનું રહેશે. આ સમુહલગ્ન આયોજનનો મુખ્ય હેતુ ગરીબ પરિવારની દરેક દિકરીઓને કરીયાવરમાં ઘર ઉપયોગી વસ્તુઓ વધુને વધુ મળે ખુબ મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે ફોમ ભરવાનુ કાર્ય શરૂ કરેલ છે. વધુ વિગત માટે શ્રી મોગલ માં માનવ સેવા ટ્રસ્ટ ચલાલા મો. ૯૪૦૮૨ ૭૮૮૫૩ તથા ૯૪૨૮૨ ૬૧૦૧૪ ૯૭૨૩૪ ૨૬૪૩૭નો સંપર્ક કરવા વિનંતી સહ પત્રકાર પ્રકાશભાઈ કારીયા વિપુલભાઈ કારીયાની યાદીમાં જણાવેલ છે.

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.
પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ
તા.૨૧-૦૮-૨૦૨૫, ગુરૂવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી
સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.
કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪
આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
• યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો • આયુર્વેદીક રસીકરણ
• ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો • પાચનશકિતમાં વધારો
• રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
• મગજતેજ અને બાળક ઉત્સાહી બને

### છેલ્લા થોડા દિવસોથી અવિરત વરસાદ હોવાથી

# રાજુલા પંથકમાં ભારે વરસાદથી સિંહો પ્રભાવિત : ફસાયેલ સિંહનો વિડીયો વાયરલ

## કુદરતી આફતોમાં વન્યજીવો પણ મુશ્કેલીમાં



રાજુલા, તા. ૨૦

સૌરાષ્ટ્રના રાજુલા પંથકમાં છેલ્લા કેટલાક દિવસથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદને કારણે દરિયાઈ અને નદીકાંઠા વિસ્તારનું જનજીવન તો ખોરવાયું જ છે, પરંતુ આ કુદરતી આફતનો પ્રભાવ વન્યજીવન પર પણ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને દરિયાઈ પંથકમાં વસતા એશિયાટિક સિંહો ભારે વરસાદ અને પાણીના

અનુસંધાન પાના ૬ ઉપર

### એકાદ મહિના સુધી ગાયબ થયા બાદ મેઘરાજાની પુનઃ પધરામણી

# અમરેલી, ભાવનગર, સુરત સહિતનાં જિલ્લાઓમાં આગામી ૩ થી ૪ દિવસ સુધી અતિભારે વરસાદની આગાહી

## ખેડુતોમાં વ્યાપેલ ચિંતાને મેઘરાજાએ ગણતરીની કલાકોમાં દુર કરી

અમરેલી, તા. ૨૧

અમરેલી, ભાવનગર, સુરત સહિતના જિલ્લાઓમાં આગામી બે દિવસ ''અતિભારે વરસાદ''ની આગાહી હવામાન વિભાગે રાજયમાં ૨૫ ઓગસ્ટ સુધી મધ્યમથી ભારે વરસાદની ચેતવણી જાહેર કરી.

ગુજરાતમાં ફરી એક વખત મેઘરાજા મહેરબાન થવાના સંકેતો મળ્યા છે. હવામાન વિભાગે સ્પષ્ટ કર્યુ છે કે આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. ખાસ કરીને અમરેલી,



ભાવનગર, સુરત, નવસારી, વલસાડ, કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને જૂનાગઢ જિલ્લાઓમાં અતિભારે વરસાદની ચેતવણી અપાઈ છે. આ વિસ્તારોમાં દરિયાકિનારે પણ પવન સાથે તોફાની માહોલ સર્જાઈ શકે છે, જેના કારણે માછીમારોને દરિયામાં ન ઉતરવાની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગના અનુસાર, અરબી સમુદ્રમાંથી ભેજવાળા પવનોની આવક વધી હોવાથી રાજયભરમાં વરસાદી માહોલ સક્રિય બન્યો છે. ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે, પરંતુ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની શકયતા સૌથી વધુ છે.

કૃષિ ક્ષેત્ર માટે આ વરસાદ જીવનદાયી સાબિત થઈ શકે છે. છેલ્લા કેટલાંક દિવસોથી અમુક વિસ્તારોમાં વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતિત હતા, પરંતુ હવે ફરીથી મેઘરાજાની આગમનથી

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતા ચુકાદો જાહેર

# લાઠી અને દામનગર પંથકમાં નોંધાયેલ પોકસો એકટનાં જુદા–જુદા ૩ ગુન્હામાં બે આરોપીઓને જેલની સજાનો હુકમ

## સ્પે. પોકસો કોર્ટનાં જજ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા સરકારી વકીલની દલીલો માન્ય રહી

અમરેલી, તા. ૨૦

અમરેલી ખાતે આવેલ સ્પે.પોકસો અને ચોથા એડિશનલ સેશન્સ કોર્ટમાં આજે એકી સાથે ત્રણ ત્રણ પોકસોના કેસ ચાલી જતાં આ ત્રણેય કેસમાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલના આધારે કોર્ટે આરોપીઓને સખત કેદ તથા રોકડ રકમના દંડની સજા ફટકારાયેલ છે. આ ત્રણ કેસ પૈકી એક કેસના આરોપી સામે બે બે કેસમાં સજા થયાની પ્રથમ ઘટના બનેલ છે.

પ્રથમ બનાવમાં અમરેલીના દામનગર ગામે રહેતા આરોપી વિશાલ ઉર્ફે રઘો હરેશભાઈ ઉર્ફે હકાભાઈ મકવાણા નામનો ઈસમ ગત તા. ૨૫/૨/૨૧ રાત્રે એક ૧૫ વર્ષની તરૂણી લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયો હતો. આ બનાવ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીની સ્પે.પોકસો અને ચોથા એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની દલીલના આધારે સ્પે. જજ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા આરોપી વિશાલ ઉર્ફે રઘો હરેશભાઈ ઉર્ફે હકાભાઈ મકવાણાને આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬, (૨)(એન), ૩૭૬ (૩) તથા પોકસો કલમ ૪, ૬, ૮ના ગુન્હામાં કસુરવાર ઠરાવી આરોપીને ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૫ હજારના દંડની સજાનો હુકમ કરેલ છે.

બીજા બનાવમાં ઉપરના જ ગુન્હાનો આ જ આરોપી વિશાલ ઉર્ફે રઘો હરેશભાઈ ઉર્ફે હકાભાઈ મકવાણાને ઉપર મુજબના ગુન્હામાં કોર્ટેમાંથી જામીન ઉપર મુકત થયા બાદ ફરી વખત આરોપીએ તે જ તરૂણીને ફરી વખત લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી લઈ ગયો હતો. આ બનાવ અંગે જે તે સમયે આ આરોપી સામે પોલીસમાં બીજી વખત પોલીસમાં ફરિયાદ નોંધાયેલ હતી.

આ બીજો કેસ પણ અમરેલીની સ્પે.પોકસો અને ચોથા એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલની ધારદાર દલીલના આધારે સ્પે. જજ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા આરોપી વિશાલ ઉર્ફે રઘો હરેશભાઈ ઉર્ફે હકાભાઈ મકવાણાને આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, તથા પોકસો કલમ ૧૮ના ગુન્હામાં કસુરવાર ઠરાવી આરોપીને ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૫ હજારના દંડની સજાનો હુકમ કરેલ છે.

ત્રીજા બનાવમાં લાઠી ગામે રહેતી એક ૧૨ વર્ષની વિદ્યાર્થીની ગત તા.

અનુસંધાન પાના ૬ ઉપર

### ભારે વરસાદથી જળાશય છલોછલ

# રાજુલા નજીક આવેલ ધાતરવડી–૧ જળાશય ઓવરફ્લો થતાં પાણી છોડાયુ

## ધારેશ્વર, નવી–જુની માંડરડી સહિતનાં નાગરિકોને એલર્ટ કરાયા

અમરેલી, તા. ૨૦

રાજુલા તાલુકાના ભાક્ષી ગામ પાસે ધાતરવડી નદી ઉપર આવેલા ધાતરવડી–૦૧ સિંચાઈ યોજના છે. તા.૨૦ ઓગસ્ટ, ૨૦૨૫ને બુધવારના રોજ તે ૦.૧૦ મી.નો ઓવરફલો હતો. તે વધીને બપોરે ૧૨ : ૪૫ વાગ્યે જળાશયમાં પાણીની આવક વધતા ૦.૨૦ મી.નો વધારો થયો છે. જેનો પ્રતિ સેકન્ડ પ્રવાહ ૧,૬૨૬ કયુસેક છે.



ધાતરવડી–૧ નીચાણવાસના ગામો રાજુલા, ધારેશ્ર, નવી – જૂની માંડરડી, ઝાંપોદરના નાગરિકોએ નદી પટમાં કે કાંઠા વિસ્તારમાં અવરજવર કરવી નહિ. તેમ અમરેલી ફલડ સેલ વાયરલેસ ઓપરેટર દ્વારા ચેતવણી અને સૂચના આપવામાં આવી છે.

### ઘરનું ગુજરાન ચલાવવા ભારે સંઘર્ષની કથા

# જાફરાબાદ : દરિયાઈ દુર્ઘટનામાં લાપતા થયેલ માચ્છીમારોનાં પરિવારોનો આક્રંદ

## ગુમ થયેલ માચ્છીમારની માતાની આંખોમાં અશ્રુઓનો પ્રવાહ અટકતો નથી

અમરેલી, તા. ૨૦

જાફરાબાદ દરિયાકાંઠે તોફાની મોજા વચ્ચે ડૂબેલી દેવકીનંદન બોટના ખલાસીઓ હજી લાપતા છે. આ ઘટનાને કારણે સમગ્ર વિસ્તાર શોકમાં ગરકાવ થયો છે. ખાસ કરીને શિયાળબેટ ગામના રહેવાસીઓમાં શોક અને ચિંતા છવાઈ ગઈ છે. લાપતા થયેલા વિપુલ ચૌહાણના પરિવારજનો આજે



જાફરાબાદ બંદરે આવી પહોંચ્યા હતા.

વિપુલના માતા–પિતા અને મામા કિશોરભાઈ સાથે પરિવારના અન્ય સભ્યો પણ બંદર કાંઠે આવી ગયાં હતા. પરિવારના સભ્યો પોતાના દીકરાની રાહ જોતા દરિયામાં નજર ગોઠવતા હતા. વિપુલની માતા મણીબેનની આંખોમાંથી આંસુઓનો પ્રવાહ અટકતો નહોતો. દીકરો કયારે સુરક્ષિત પરત ફરશે તેની આતુરતાથી તેઓ બંદર પર કલાકો સુધી રાહ જોતા રહ્યા.

પરિવારજનોને મળવા માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી પણ બંદરે પહોંચ્યા હતા. લાપતા ખલાસીઓ અંગે પરિવારો દ્વારા ધારાસભ્યને રજૂઆત કરવામાં આવી હતી. હીરાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

### બોટાદનાં બરવાળા, મહેસાણામાં થયેલ ચોરીના ભેદ સાથે

# રાજુલાની એસબીઆઈમાં થયેલ દોઢ લાખ રૂપિયાની ચોરીનો ભેદ ઉકેલાયો

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

અમરેલી, તા. ૨૦

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. એ.ડી. ચાવડાએ સદરહુ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલવા રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમ સાથે સદરહુ બનાવ બાબતે રાજુલા શહેરના સીસીટીવી કેમેરા ચેક કરતા એક ઈસમ બેંકની બહાર ઉભો હોય અને બે માણસો બેંકની અદર જઈ અને ચોરીને અજાંમ આપીને અને ત્રણેય ઈસમો બાઈક મારફતે નાસી ગયેલ હતા. આ ત્રણેય અજાણ્યા ઈસમોના ચહેરા દેખાતા હોય, પરંતુ ઓળખ થતી ના હોય જેથી ૬ દીવસ સુધી પોલીસે અલગ અલગ રસ્તાઓ, હાઈવે અને હોટેલ ઢાબાના કેમેરા ચેક કરેલ અને બાદ નેત્રમ કમાન્ડ કંટ્રોલ અમરેલી તથા કમાન્ડ કંટ્રોલ ભાવનગર તથા ત્રીનેત્રમ ગાંધીનગરની મદદથી આરોપીઓના રૂટની ઓળખ કરવામા આવેલ હતી.

બાદ ટેકનીકલ તથા હ્યુમન સોર્સ આધારે સદરહુ ગુન્હામા સંડોવાયેલ ત્રણ પૈકી બે આરોપીઓની ઓળખ થયેલ હતી. જે બન્ને આરોપીઓ મધ્યપ્રદેશના રાજગઢ જીલ્લાના કડીયાસાસી ગામના ક્રુનાલ રાજેન્દ્ર ધપાણી તથા બલદેવસીંહ બતાવસિંહ



સીસોદીયા હોય અને સદરહુ આરોપીએ રાજુલા સીવાય બોટાદ જીલ્લા બરવાળા શહેરની બેંક ઓફ બરોડામાથી એક વ્યક્તિ રૂપીયા ઉપાડી અને ઘરે જતો હોય, તેની નજર ચુકવી હાથમાં રહેલ પ્લાસ્ટીકની બેંગ જેમા રૂપીયા ૨,૦૦,૦૦૦ હોય જે તા. ૬/૮/૨૫ ના રોજ ચોરી કરી નાસી ગયેલ હતા.

બાદમાં ગત તા.૭/૮/૨૫ ના રોજ મહેસાણા જીલ્લાના કડી શહેરમા એક વ્યકતી બેંકમાથી રૂપીયા ઉપાડી અને એકટીવાની ડેકીમા રાખી ઘરે ગયેલ અને ગાડી ઘરની બહાર પાર્ક કરેલ હતા. જેને ઉપરોકત આરોપીઓએ એકટીવાની ડેકી તોડી તેમાં રહેલ રૂપીયા.૪,૦૦,૦૦૦ ચોરી કરી નાસી ગયેલ એ રીતે ત્રણ દીવસમા કુલ રૂપિયા ૭,૫૦,૦૦૦ની ચોરી કરી અને આરોપીઓ મધ્યપ્રદેશ ખાતે તેના વતનમા નાસી ગયેલ અને ઉપરોકત રાજુલા પોલીસ સ્ટેશનના ગુન્હાના કામે રાજુલા પોલીસ સ્ટેશનની ટીમ મધ્યપ્રદેશ ખાતે તપાસમા ગયેલ અને ઉપરોકત ત્રણયે ગુન્હાઓ ડીટેકટ કરીને કુલ રોકડ રૂપિયા ૭,૫૦,૦૦૦નો પુરેપુરી રીકવર કરી મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.







*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)